કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, ઓગસ્ટ ૨૦૧૯ | ₹ ૩૦

# વિશ્વકર્મા વિશ્વ






## પ્રાઈડ ઓફ પાંચાલ વિશ્વકર્મા ટીમ દ્વારા
## પ્રવીણ ગજ્જર સહિત ૭૬ પ્રતિભાઓને 'પ્રાઈડ ઓફ વિશ્વકર્મા એવોર્ડ' અર્પણ કરાયા



ખંભાળીયામાં વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો



ધોરાજીમાં ચતુર્થ સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

# ખંભાળીયામાં યોજાયેલ વિદ્યાર્થી સન્માન સમારોહની તસવીરી ઝલક...




















VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-7, Issue No.7
Date : 10-08-2019

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# પ્રાઈડ ઓફ પંચાલ વિશ્વકર્મા ટીમને ખુબ ખુબ અભિનંદન

સમાજમાં રહેલી વિવિધ વિશિષ્ટ પ્રતિભાઓને એક સ્ટેજ પર એકત્ર કરીને બધી પ્રતિભાઓને પ્રાઈડ ઓફ વિશ્વકર્મા એવોર્ડ આપી સન્માનિત કરી પ્રાઈડ ઓફ પંચાલ વિશ્વકર્માના આયોજક સુનિલભાઈ પંચાલ, રોહિતભાઈ પંચાલ, મયંકભાઈ પંચાલ તથા નયનભાઈ પંચાલ તથા સમગ્ર ટીમે ખરેખર ગૌરવભર્યું અને અભિનંદનીય કાર્ય કર્યું છે.

અમદાવાદની પ્રાઈડ ઓફ પંચાલ વિશ્વકર્મા ટીમે દેશભરમાં રહેલી વિશ્વકર્મા પરિવારની વિશિષ્ટ પ્રતિભાઓને શોધીને એક સ્ટેજ પર એકત્ર કર્યું તે ખરેખર તો વિશ્વકર્મા પરિવારનું એકતાનું અદ્દભુત દર્શન કરાવ્યું છે.

આપણા વિશ્વકર્મા પરિવારનાં વિશ્વકર્મા પ્રભુના વિવિધ સંતાનો સમાજમાં વિવિધ ક્ષેત્રે નોંધનીય અને પ્રદર્શનીય ફરજ બજાવતા હોય છે, પણ તેમાં રહેલી પ્રતિભાઓ લોકો સુધી પહોંચી શકતી નથી. આવી પરિસ્થિતિમાં પ્રાઈડ ઓફ પંચાલ વિશ્વકર્મા ટીમ દ્વારા દેશભરમાં પથરાયેલ વિશિષ્ટ પ્રતિભાઓને પ્રાઈડ ઓફ વિશ્વકર્મા એવોર્ડ અર્પણ કરી જે સન્માન કર્યું છે તેનાથી સમગ્ર સમાજમાં વિશ્વકર્મા પરિવારના કલા, કારીગરી અને કૌશલ્યના દુનિયાને દર્શન થયા છે અને આપણા વિશ્વકર્મા પરિવારનું સમગ્ર સમાજમાં ગૌરવ વધ્યું છે.

પ્રાઈડ ઓફ પંચાલ વિશ્વકર્મા ટીમ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી સમાજમાંથી વિશિષ્ઠ પ્રતિભા શોધી તેને પ્રાઈડ ઓફ વિશ્વકર્મા એવોર્ડ અર્પણ કરવાનું કાર્ય તો કરે છે આ વર્ષે જે ૭૬ વિશિષ્ટ પ્રતિભાનું સન્માન થયું તેમાં ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોના વિશ્વકર્મા સમાજનાં રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ એવોર્ડ વિજેતા અધિકારી, શિક્ષણ, સેના, મહેસુલ કે સરકારી અધિકારીઓ, ધારાસભ્ય કે અન્ય જનપ્રતિનિધિ, સમાજસેવક, ફિલ્મ ક્ષેત્રનાં કલાકાર સહિતનાં અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, ડોક્ટર, એન્જિનિયર, ટેક્નોલોજી, વૈજ્ઞાનિક, મીડિયા, પત્રકાર, સાહિત્યકાર, લેખક તથા કોર્પોરેટ ક્ષેત્રના અધિકારીઓનો સમાવેશ થાય છે.

ચોથી જાગીર હોવા છતાં પત્રકારોને મીડિયા ક્ષેત્રને જ્યારે ફક્ત ઉપયોગ જ કરાતો હોય છે તેવી પરિસ્થિતિમાં મીડિયા ક્ષેત્રને પ્રાઈડ ઓફ વિશ્વકર્મા એવોર્ડ આપ્યું તે વિશેષ બાબત છે. વિશ્વકર્મા વિશ્વના તંત્રી પણ આ પ્રાઈડ ઓફ એવોર્ડ પ્રાપ્ત થયો છે તે અમારા માટે ગૌરવની વાત છે. આ એવોર્ડ એ ફક્ત મારું જ નહીં પરંતુ સમગ્ર વિશ્વકર્મા વિશ્વ પરિવારનું સન્માન છે એવી લાગણી અનુભવવાની સાથોસાથ પ્રાઈડ ઓફ પંચાલ વિશ્વકર્મા ટીમ અભિનંદનના અધિકારી છે.

◆ પ્રવિણ ગજ્જર

## પ્રાઇડ ઓફ પંચાલ વિશ્વકર્મા ટીમ દ્વારા

# પ્રવીણ ગજ્જર સહિત ૭૬ પ્રતિભાઓને 'પ્રાઇડ ઓફ વિશ્વકર્મા એવોર્ડ' અર્પણ

- વિશાલ ગજ્જર




પ્રાઇડ ઓફ પંચાલ વિશ્વકર્મા ટીમ દ્વારા આયોજીત પ્રાઇડ ઓફ વિશ્વકર્મા એવોર્ડ-૨૦૧૯ અર્પણનો કાર્યક્રમ તા. ૨૮-૭-૧૯ રવિવારના બપોરે ૩ કલાકે અમદાવાદના ટાગોર હોલ ખાતે યોજાયો હતો. જેમાં વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જર સહિત વિશ્વકર્મા સમાજના વિવિધ ક્ષેત્રના ૭૬ પ્રતિભાઓને વિશ્વકર્મા એવોર્ડ અર્પણ કરવામાં આવેલ.

આ એવોર્ડ સમારંભના કાર્યક્રમનો પ્રારંભ ભારતીબાપુ-મહામંડલેશ્વર જુનાગઢ, અમરદાસ બાપુ વિશ્વકર્માચાર્ય-પાલનપુર, રમેશચંદ્ર બાપુ-કથાકાર અમદાવાદ તથા ભોગીલાલ પંચાલ, પ.પૂ. જયમાડીના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ.



આ એવોર્ડ ગુજરાત સહિત દેશના અન્ય રાજયોના વિશ્વકર્મા સમાજનાં રાષ્ટ્રપતિ કે રાજયપાલ એવોર્ડ વિજેતા અધિકારી, શિક્ષણ, સેના, મહેસુલ કે સરકારી અધિકારીઓ, ધારાસભ્ય કે અન્ય જનપ્રતિનિધિ, સમાજસેવક, ફિલ્મ ક્ષેત્રનાં કલાકાર સહિતનાં અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, ડોકટર, એન્જિનિયર, ટેકનોલોજી, વૈજ્ઞાનિક, મીડિયા, પત્રકાર, સાહિત્યકાર, લેખક તથા કોર્પોરેટ ક્ષેત્રના અધિકારીઓને પોતાના ક્ષેત્રમાં પ્રતિભાવંતિત કામગીરીનાં કારણે આપવામાં આવે છે. ૨૦૧૭થી શરૂ કરવામાં આવેલ આ એવોર્ડનું આ ત્રીજું વર્ષ છે. આ એવોર્ડ પધારેલા અગ્રણી મહેમાનો તથા અગાઉ એવોર્ડ વિજેતા વ્યકિતઓના હસ્તે એનાયત કરવામાં આવેલ.

રાજકોટથી પ્રસિદ્ધ થતા વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણભાઇ ગજ્જરને પણ આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવેલ. પરંતુ સંજોગોવસાહત પ્રવીણભાઇ ગજ્જર ઉપસ્થિત રહી શકયા ન હતાં. તેમના વતી વિશાખા વિશાલ ગજ્જરએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો. આ ઉપરાંત વિવિધ ક્ષેત્રનાં ૭૬ વ્યકિતઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવેલ જેમાં (૧) ભારતીબાપુ-શ્રી શ્રી ૫.પૂ. ૧૦૦૮ મહામંડલેશ્વર (જૂનાગઢ અને સરખેજ આશ્રમ) (૨) અમરદાસ બાપુ-રાષ્ટ્રીય સંત વિશ્વકર્માચાર્ય, લોકનિકેતન આશ્રમ






પાલનપુર (૩) રમેશચંદ્રબાપુ-કથાકાર, અમદાવાદ (૪) ભોગીલાલ પંચાલ-પ.પૂ. જય માડી (મેલડી માતાજી મંદિર, ખેડા) ચેરમેન શ્રી મેલડીમાં સુપર સ્પે. હોસ્પિટલ (૫) જગદીશભાઇ પંચાલ-કર્ણાવતી શહેર અધ્યક્ષ અને એમએલએ અમદાવાદ (૬) રમેશભાઇ પંચાલ-ડિસ્ટ્રીક્ટ જજ, વડોદરા (૭) જયેશભાઇ પંચાલ-ડીવાયએસપી ભુજ જિલ્લા (૮) ઇશિતા વિશ્વકર્મા-સારેગામાપા ૨૦૧૮ વિનર (૯) ઉષાજી વિશ્વકર્મા-અભિનેત્રી હિન્દી, ભોજપુરી,છતીસગઢ (૧૦) યેલૈરી સુથાર-પેઇન્ટર, ગોવા(રાષ્ટ્રપતિ એવોર્ડ) (૧૧) કૌશિકભાઇ પંચાલ-પીએસઆઇ હિંમતનગર (૧૨) નીતિનભાઇ પંચાલ - પીએસઆઇ, આઇબી ડીપાર્ટમેન્ટ, અમદાવાદ ઇન્ટેલિજન્ટ બ્યુરો (૧૩) કેતન પંચાલ-પ્રોફેસર મોટીવેશન સ્પીકર, સુરત (૧૪) કામિનીબેન પંચાલ-ટીડીઓ, તા. વાઘોડીયા, બરોડા (૧૫) ભદ્રેશભાઇ પંચાલ-નાયબ ઇજનેર (ગુજરાત વિદ્યુત બોર્ડ) જટકો, આણંદ (૧૬) બાબુભાઇ કાતરવાળા-ઉદ્યોગપતિ સાથે સમાજ સેવક, સુરત (૧૭) કાંતિભાઇ પંચાલ-ઉદ્યોગપતિ અને સમાજ સેવક સાથે અખિલ ભારતીય વિશ્વકર્મા વિરાટ સંઘ રાષ્ટ્રીય અધ્યક્ષ, વડોદરા (૧૮) ચંદ્રેશભાઇ એસ. ગોહિલ-ઓફિસર ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજય, ગાંધીનગર (૧૯) કિરણભાઇ સુથાર-પીએસઆઇ અંકલેશ્વર (૨૦) નિમિષાબેન પંચાલ-એઆરટીઓ ઓફિસર, વસ્ત્રાલ, અમદાવાદ (૨૧) ડો. જયભાઇ પંચાલ-એમબીબીએસ, ડીએનબી, એફઆઇએમપી, સીસીપીપીએમ, એફઆઇએસડી(ઇન્ડિયા, જર્મની, રમાના, યુકે) (૨૨) જય છનિયારા-કોમેડીયન કલાકાર, રાજકોટ (સેવન વર્લ્ડ રેકોર્ડ હોલ્ડેર, ઇન્ડિયન યન્ગેસ્ટ ડીફરન્ટલી એબલ ઇન્ટરનેશન) (૨૩) ડો. રાજેશ વિશ્વકર્મા-ડાયરેકટર-પ્રોફેસર એન્ડ હેડ, ડીપાર્ટમેન્ટ ઇએનટી એન્ડ હેડ એન્ડ નેક સર્જરી અમદાવાદ (૨૪)ડો. નિલેશભાઇ પંચાલ ઇન્ટરનેશનલ યોગ થેરાપિસ્ટ, હાલ-સાઉથ આફ્રિકા(મૂળ ગામ સિતવાડા, પ્રાંતિજ) (૨૫) કોકીલાબેન પંચાલ-બેસ્ટ ટીચર રાજયપાલ એવોર્ડિડ અને એસ.એન. કોઠારી સ્કુલ, પ્રિન્સીપાલ, પાલનપુર (૨૬) શિવપ્રસાદ પંચાલ - એવોર્ડ, ૧૨ વાર બ્લડ ડોનેટ (૨૭) ત્રિલોકચંદ્ર સુથાર-વુડન આર્ટીસ્ટ (વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર રાજસ્થાન), રાજસ્થાન (૨૮) હરિમોહન જાંગીડ-વુડ કર્વિંગ (વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર રાજસ્થાન), રાજસ્થાન, (૨૮) ડો. એમ.ડી. ગજ્જર -એડીશનલ સુપ્રીટેન્ડ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ (૨૯) હીના પંચાલ-જીએસટીવી એન્કર, અમદાવાદ (૩૦) હેમંતભાઇ પંચાલી-ન્યુઝ ૯ ઇન્ડિયા મીડિયા પ્રભારી અને કેસરિયા હિન્દુતાન નિર્માણસંઘ યુવા મોરચા પ્રદેશ સચિવ, ભરૂચ (૩૧) કિશન કાન્તેલીયા-જીએસટીવી રિપોર્ટ, અમદાવાદ (૩૨) મયુર પિત્રોડા-તંત્રી એએલએસવી એન્ડ ડીવાઇન સીટી ન્યુઝ (૩૩) પ્રવીણભાઇ મકવાણા-તંત્રી લોકસામના ન્યુઝ (૩૪) પ્રવીણભાઇ ગજ્જર-તંત્રી વિશ્વકર્મા વિશ્વ (૩૫)








ભાઇલાલભાઇ આઇ. પંચાલ-મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પંચાલ મિલન મંદિર અને સમાજ સેવક (૩૬) હેમંતભાઇ પંચાલ-સંદેશ ન્યુઝ રીપોર્ટર, દાહોદ (૩૭) કેતુલ પંચાલ-ઇન્ડિયા ગોટ ટેલેન્ટ ડાન્સર અને એકટર, અમદાવાદ (૩૮) રીતિકા ઝીલ્કા-ટીવી એકટ્રેસ અને મોડલ (૩૯) પૂજા મકવાણા-ટીવી એકટ્રેસ અને મોડલ (૪૦) નેહા સુથાર-ગુજરાતી ફિલ્મ એકટ્રેસ અને સીંગર (૪૧) શ્રદ્ધા સુથાર-ગુજરાતી ફિલ્મ એકટ્રેસ અને મોડલ (૪૨) મહી પંચાલ-ભરત નાટયમ, ડાન્સર (૪૩) પ્રયાગ ઝીલકા-ડાન્સર (૪૪)અજીત પંચાલ-ગોલ્ડ મેડલ, ૭મી ચાઇના ઓપન વર્લ્ડ ચેમ્પીયનશીપ ઇન એથેલેટીકસ ગેમ્સ (બ્રેઝિંગ, પાલનપુર) (૪૫) કોમલ વડગામા-ગોલ્ડ મેડાલીસ્ટ રાઇફલ એન્ડ પિસ્તોલ શુટર, જામનગર (૪૬) નીલ પંચાલ-પેઇન્ટર, અમદાવાદ (૪૭) ભરતભાઇ પંચાલ-શિલ્પકાર(રાષ્ટ્રપતિ એવોર્ડેડ) મોડાસા (૪૮) વીકીભાઇ પંચાલ-સીઆઇડીઇએસસીઓ મીડિયા મેકઅપ, મુંબઇ (૪૯) ધર્મેશભાઇ પંચાલ-રીટાયર નેવી ઓફીસર અને સીંગર, અમદાવાદ (૫૦) આનંદભાઇ પંચાલ-પ્લેબેક હિન્દી સીંગર, અમદાવાદ (૫૧) કરશનભાઇ લુહાર-કવિ અને લેખકશ્રી, મહુવઆ (૫૨) દર્શન પંચાલ-ભજનિક, મુંબઇ (૫૩) અશોકભાઇ પંચાલ-ભજનિક, મુંબઇ (૫૪) જયંતભાઇ ગજજર-કલાસિકલ સીંગર, રાજકોટ (૫૫) અમિતા સિદ્ધપુરા-ગુજરાતી લોક ગાયક (૫૬) મયુરભાઇ મિસ્ત્રી-વિશ્વકર્મા પ્રચારક અને સમાજ સેવક (૫૭) ભીખાભાઇ અપ્પા જગતાપ-સમાજ સેવક, મહારાષ્ટ (૫૮) શાંતિભાઇ ખોદડીયા-સમાજ સેવક (૫૯) બ્લેક સ્મિથ યુથ કલબ-સમાજ સેવક ગૃપ(બરોડા, રાજકોટ, ભાવનગર, સુરત) (૬૦) દિલીપભાઇ દિક્ષીત-સમાજ સેવક(રીટાયર્ડ નેવી એરફોર્સ ઓફિસર) (૬૧) અંકિતા વિશ્વકર્મા-એબીવીપી ડીસ્ટ્રી. સ્ટુડેન્ટ સહમંત્રી અને સમાજસેવક બિહાર (૬૨) વ્હાલા ગજજર-વિશ્વકર્મા ધર્મ પ્રચારક અને એન્કર, અમદાવાદ (૬૩) મનજીભાઇ સુથાર-વિશ્વકર્મા ફાઉન્ડેશન માનદ પ્રમુખ અને સમાજ સેવક, વડોદરા (૬૪) સપના વિશાલ પંચાલ-ગીતગઝલ ભકિત સંગીતના શ્રેષ્ઠ ગાયિકા (૬૫) મુકેશભાઇ પંચાલ-સમાજ સેવક અને જનરલ સેક્રેટરી, ગુજરાત પ્રદેશ (૬૬) નરેન્દ્રભાઇ પંચાલ-પ્રિન્સીપાલ દેવસ્ય ઇન્ટરનેશનલ સ્કૂલ નિકોલ, અમદાવાદ (૬૭) મિહિર પંચાલ-કરાટે ફેડરેશન જજ, રેડ પાસપોર્ટ ઇન એશિયા, અમદાવાદ (૬૮) માર્ગી પંચાલ-પેપર હેન્ડીક્રાફટ ક્રિએશન (૬૯) નિકુંજભાઇ પંચાલ અને મિતુલભાઇ પંચાલ-જી ટેક પેકેજીંગ યુવાન ઉદ્યોગપતિ અને સમાજ સેવક (૭૦) જશુભાઇ



પંચાલ-પંચાલ મિલન મંદિર ચેરમેનશ્રી, સમાજ સેવક ઉદ્યોગપતિ(પંચાલ મશીનરી) (૭૧) દેવ મિસ્ત્રી-બાળ સાહિત્ય કલાકાર, નડીયાદ (૭૨) હિરેન મિસ્ત્રી-સ્ટેચ્યુ ઓફ યુનિટી ડીઝાઇનર અને સમાજ સેવક, અમદાવાદ (૭૩) દિલીપભાઇ પંચાલ-એડીશનલ ચીફ એન્જિનીયર વણાકબોરી પાવન સ્ટેશન (૭૪) સાક્ષી મિસ્ત્રી-સિલ્વર મેડાલીસ્ટ, આંતરરાષ્ટ્રીય કક્ષાએ આબુધાબી ખાતે સાયકલીંગ સ્પર્ધા (૭૫) સંકેત પંચાલ-સીંગર.

આ એવોર્ડ વિતરણનો કાર્યક્રમ વિવિધ દાતાઓના સહયોગથી કરવામાં આવેલ. જેમાં નિકુંજભાઇ ડી. પંચાલ, મિતુલભાઇ ડી. પંચાલ, ચિરાગભાઇ પંચાલ, જશુભાઇ પંચાલ, પ્રદિપભાઇ શાહ, હેમંતભાઇ પંચાલ, સાગરભાઇ પંચાલ, ધર્મેન્દ્રભાઇ પંચાલ, જશોદાબેન પંચાલ, કેતનભાઇ પંચાલ તથા મનજીભાઇ સુથારનો સહયોગ રહયો હતો.

આ સમગ્ર કાર્યક્રમ નિવૃત્ત પોલીસ અધિકારી ધનજીભાઇ પંચાલના માર્ગદર્શન હેઠળ આયોજક સુનિલભાઇ પંચાલ, રોહિતભાઇ પંચાલ, મયંકભાઇ પંચાલ તથા નયનભાઇ પંચાલ તથા તેમની ટીમે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન દિનેશભાઇ ગજજરે કર્યું હતું.

# મહાભારતના કૃષ્ણ છે લીલા-પુરુષોત્તમ

ગુણવંત શાહ

કૃષ્ણને આપણે ત્યાં ''લીલા-પુરુષોત્તમ' કહ્યા તેનું રહસ્ય સમજવા જેવું છે. તેઓ દ્વન્દ્વાતીત છે અને વળી ગુણાતીત પણ છે. સમગ્ર શ્રાવણ મહિનો આપણને કૃષ્ણમય બનવાની ભીની તક પૂરી પાડે છે. શ્રાવણનાં ઝરમરિયાં માણસને રાધામય બનાવનારાં છે.

આપણી આ દુનિયા કેટલી સુંદર અને કેટલી અસુંદર છે તે જાણવું હોય તો મહાભારત વાંચવું. સમગ્ર સંસારમાં જ્યાં જુઓ ત્યાં જોડકું (દ્વન્દ્વ) નજરે પડે છે. સુંદર-અસુંદર, શુભ-અશુભ, સ્વચ્છ-અસ્વચ્છ, તેજ-તિમિર, સુગંધ-દુર્ગંધ, સાધુ-અસાધુ, કરુણા-ક્રૂરતા, ભલું-બૂરું, મંગલ-અમંગલ અને સુખ-દુ:ખ જેવાં અસંખ્ય જોડકાં માનવીને રમાડે છે. ગીતામાં કૃષ્ણે એક મૌલિક વાત કહી છે. આવાં દ્વન્દ્વોથી પર હોય તેને માટે ગીતામાં ''દ્વન્દ્વાતીત' શબ્દ પ્રયોજાયો છે. માનવીના મનની આ બહુ ઊંચી અવસ્થા છે. કૃષ્ણ એ જ અવસ્થા ધારણ કરીને જીવ્યા.



યોગેશ્વર કૃષ્ણે ગીતામાં બીજી મૌલિક વાત કહી છે. આ દુનિયામાં ત્રણ ગુણોની લીલા સતત ચાલતી રહે છે. આ સંસાર એટલે શું? સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ વચ્ચે પ્રતિક્ષણ ચાલતી આંતરક્રિયા સંસારમાં બધા ખેલ સર્જે છે. કોઇપણ માણસ ગમે તેટલો મહાન હોય તોય ચોવીસે કલાક સત્ત્વગુણમાં સ્થિર નથી હોતો. વળી એ માણસ ગમે તેટલો બદમાશ હોય તોય ચોવીસે કલાક તમોગુણમાં જ રમમાણ નથી હોતો. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ જેવી ત્રણ અવસ્થામાં માનવીના મનની આવન-જાવન ચાલતી રહે છે.

યુધિષ્ઠિર સત્ત્વગુણપ્રધાન છે તોયે જુગારનું આમંત્રણ મળે ત્યારે રજોગુણ અને તમોગુણમાં સરી પડે છે. દુર્યોધન તમોગુણવાન છે તોય એનો રાજ્યકારભાર વખણાયો છે અને એ ''સુયોધન' કહેવાયો છે. ભીષ્મ સત્ત્વગુણમાં સ્થિર ખરા, પરંતુ દ્રૌપદી વસ્ત્રહરણના પ્રસંગે રજોગુણી કાયરતામાં સરી પડે છે. સંસાર આ ત્રણે ગુણો વચ્ચે સતત ચાલતી આંતરક્રિયા સિવાય બીજું શું છે જે સ્થિતપ્રજ્ઞ આ ત્રણે ગુણોથી પર હોય એને માટે ગીતાએ મૌલિક શબ્દ આપ્યો: ''ગુણાતીત.' ગીતાનું આવું વિશ્લેષણ વેદ-ઉપનિષદમાં જોવા મળતું નથી.

કૃષ્ણને આપણે ત્યાં ''લીલા-પુરુષોત્તમ' કહ્યા તેનું રહસ્ય સમજવા જેવું છે. તેઓ દ્વન્દ્વાતીત છે અને વળી ગુણાતીત પણ છે. સમગ્ર શ્રાવણ મહિનો આપણને કૃષ્ણમય બનવાની ભીની તક પૂરી પાડે છે. શ્રાવણનાં ઝરમરિયાં માણસને રાધામય બનાવનારાં છે.

મહાભારત જેવું મહાકાવ્ય માણસને શું શીખવે છે? કવિ ઉમાશંકર તો મહાભારતને ''વિરાટ કાવ્ય' કહે છે. મહાભારત વિરાટ કાવ્ય છે તે એના સ્થૂળ કદને કારણે નથી. શ્લોકોની સંખ્યા વધારે હોય તેથી કોઇ કાવ્ય આપોઆપ વિરાટ કાવ્ય નથી બનતું. મહાભારતમાં માનવીના મનનું પ્રતિબિંબ ઝિલાયું છે. માનવીનું મન વિરાટને બાથમાં લેનારું છે તેથી મહાભારત અનન્ય મહાકાવ્ય છે. તૈત્તિરીય ઉપનિષદમાં ઋષિ ભૃગુ બ્રહ્મની ખોજ શરૂ કરે ત્યારે એને ક્રમશ: અન્નબ્રહ્મ, પ્રાણબ્રહ્મ, મનબ્રહ્મ, વિજ્ઞાનબ્રહ્મ અને આનંદબ્રહ્મનો આવિષ્કાર થાય છે. ટૂંકમાં માનવીનું મન પણ બ્રહ્મ જેટલું વિરાટ છે. વ્યાસ જેવા ક્રાંતદર્શી મહાકવિ જ આવા મનબ્રહ્મને મહાકાવ્યમાં પ્રગટ કરી શકે.

હજારો વર્ષોથી સંસારનો ખેલ ચાલતો રહ્યો છે. માનવી આખરે છે કોણ? એ કેવળ નાચણિયો છે. સંજોગો એને નચાવે છે. રાજા શાંતનુ શિકાર માટે યમુનાતટે ગયો ત્યારે એમની નજર મત્સ્યગંધા પર પડી. પ્રથમ નજરે શાંતનુ ઘાયલ થઇ

ગયો. વર્ષો પછી શેક્સપિયરે ''અત ઢ્ઢી ક્શસય શર્િં' નાટકમાં પાત્ર દ્વારા શબ્દો ઉદ્ગાર્યાઃ ''Who ever loved that loved not at first sight?'દ્ર (પ્રથમ નજરે ન સંભવે, તે વળી પ્રેમ શેનો?) રાજા શાંતનુ યમુના કિનારે ન ગયો હોત તો મહાભારતનું યુદ્ધ થયું હોત ખરું? શાંતનુ પણ નાચણિયો અને આપણે પણ નાચણિયા નિયતિ નચાવે છે. મહાભારત આપણને નિયતિના આ વિરાટ નૃત્યની ઝાંખી કરાવે છે. મહાભારતના એ વિરાટ કર્મક્ષેત્રમાં એક રળિયામણું વટવૃક્ષ ઊભું છે. સતત નાચનારા મનુષ્યોને ગીતા જેવા ભવ્ય અને દિવ્ય વૃક્ષની શીળી છાયામાં એક શિખામણ કૃષ્ણ તરફથી મળી છેઃ નાચો, ભલે નાચો, પરંતુ સતત વિચારતા રહો કેઃ હું આખરે શા માટે નાચું છું? નાચનારની આવી આત્મસભાનતા (તયહર-ફ્ફયિક્ષયતત) મનુષ્યને અન્ય પ્રાણીઓથી જુદો પાડનારી છે. ગીતાના ઉપદેશનો આ સાર છે.



કૃષ્ણ કેવળ અર્જુનના જ નહીં, આપણા સૌના સારથિ છે. તેઓ લીલા-પુરુષોત્તમ છે. માણસને દ્વેષ અને ઇર્ષ્યા નચાવે છે. દુર્યોધનનો તમોગુણ હઠીલો ન હોત તો મહાભારતનું યુદ્ધ થયું હોત ખરું? હિટલરનો અહંકાર પ્રબળ ન હોત તો બીજું વિશ્વયુદ્ધ થયું હોત ખરું? ધર્મરાજ યુધિષ્ઠિર જુગાર રમવા તૈયાર ન થાત તો દ્રૌપદીનું વસ્ત્રહરણ શક્ય હતું? મહાભારતના આરણ્યકપર્વમાં પાંડવોને વનમાં મળવા ગયેલા કૃષ્ણને યુધિષ્ઠિર પૂછે છેઃ ''હસ્તિનાપુરમાં દ્યુતસભામાં જે કંઇ બન્યું ત્યારે હે કૃષ્ણ તમે ક્યાં હતા?' કૃષ્ણ જવાબમાં કહે છેઃ ''હું જો તે સમયે દ્વારકામાં હોત, તો એ સભામાં વગર આમંત્રણે પણ પહોંચી જાત. મેં જરૂર જુગારનો ખેલ અટકાવ્યો હોત. જે લતને કારણે તમારી પડતી થઇ છે તેના દોષ મેં વીરસેનના પુત્ર નળરાજાનું દૃષ્ટાંત આપીને ગણાવ્યા હોત. હું તો શાલ્વરાજાના સૌભ નગરમાં એને હણવા માટે ગયો હતો. એ સમયે આનર્ત પ્રદેશમાં હું હાજર ન હતો.'

પછી કૃષ્ણ યુધિષ્ઠિરને જુગારની રમત કેટલી ખરાબ છે તે સમજાવે છે. જન્માષ્ટમીના તહેવારને જુગાર-અષ્ટમીમાં ફેરવી નાખનારી પ્રજા કૃષ્ણનાં માત્ર ત્રણ વિધાનો સાંભળે ખરી?

-જુગારમાં એક જ દિવસમાં ધન ખતમ થાય છે અને એની લત પડી જાય છે.

-પૈસાનો ભોગવટો થાય તે પહેલાં જ પૈસા ગુમાવવા પડે છે.

-જુગારને તો જુગારના નિષ્ણાતો પણ નિંદાપાત્ર ગણે છે.

વાતવાતમાં કૃષ્ણ જુગારની સાથોસાથ શિકારની ટેવ અને મદિરાપાનની ટીકા પણ કરે છે અને કહે છે કેઃ ''એ કુટેવોને કારણે રાજા રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થાય છે. (રાજન્ ભ્રશ્યતે શ્રિયઃ). યાદ રાખવા જેવું છે કે માનવ-ઇતિહાસમાં સૌપ્રથમ દારૂબંધી દ્વારકામાં અમલમાં આવી હતી. પ્રભાસપાટણમાં યાદવોનો સર્વનાશ થયો તેનો ખ્યાલ કૃષ્ણને આગળથી આવી ગયો હતો. વિચારવાની વાત છે. મહાભારતયુગનાં ક્યાં અનિષ્ટો આજના યુગમાં ગેરહાજર છે? ઉપકરણો બદલાયાં પણ માનવી નથી બદલાયો. દ્વેષ નથી ઘટયો. ઇર્ષ્યા નથી ઘટી. વેરભાવ કાયમ છે. શકુનિ મર્યો નથી. કાવાદાવા પણ હવે સભ્યતાયુક્ત (સોફિસ્ટિકેટેડ) બન્યા છે. ખલનાયક આકર્ષક બન્યો છે. ગબ્બરસિંગ નવી પેઢીને ગમી ગયો છે.'

જે હાથ વાંસળી ઝાલીને કોસ્મિક સિમ્ફની વહેતી મેલી શકે, તે હાથ શિશુપાલના વધ માટે સુદર્શનચક્ર પણ ઝાલી શકે. જગતમાં જાતજાતનાં સંહારક શસ્ત્રો પ્રયોજાયાં છે, પરંતુ કોઇ શસ્ત્ર સાથે ''સુદર્શન' જેવું સુંદર વિશેષણ નથી જોડાયું. કૃષ્ણ પાસે એક એજન્ડા હતો અને તે ધર્મની સંસ્થાપના કરવાનો. સુદર્શનચક્ર એવા વિરાટ એજન્ડાને ન્યાય આપવા માટે આવશ્યક હતું. જે પ્રજા દુર્જનો (આતંકવાદીઓ)ને પંપાળે છે, તેને અધર્મ વેઠવો જ પડે છે. દુર્યોધન પ્રત્યે કરુણા હોય એનો અર્થ જ એ કે દ્રૌપદી પ્રત્યે અકરુણા'

પાઘડીનો વળ છેડે
હે યુધિષ્ઠિર
ખરેખર એમ લાગે છે કે તમારામાં
ગુસ્સો (મન્યુ) છે જ નહીં.
લોકોમાં એમ કહેવાય છે કે
ક્ષત્રિય કદી ઉચિત ક્રોધ (મન્યુ) વિનાનો ન હોય.
આજે એનાથી વિપરીત તમારા જેવા
ક્ષત્રિયમાં જોઇ રહી છું.
સમય આવ્યે જે ક્ષત્રિય પોતાનું
તેજ બતાવતો નથી,
તેનું બધાં જ પ્રાણીઓ અપમાન કરે છે.
તો તમારે શત્રુ પ્રત્યે ક્યારે પણ
ક્ષમા ન બતાવવી જોઇએ.
- દ્રૌપદી (મહાભારત, આરણ્યક પર્વ, અધ્યાય-૨૮)

**(સાભાર : દિવ્યભાસ્કર)**

# ટેકનોલોજી બદલી રહી છે જિંદગીની વ્યાખ્યાઓ....

ડો. વિષ્ણુ પ્રજાપતિ

એક્વીસમી સદીમાં વિજ્ઞાને હરણફાળ ભરી છે. વિકસતા વિજ્ઞાને અને ટેકનોલોજીની અતિ મહત્વની શોધોને કારણે માનવજીવન પર ખૂબ મોટી અસરો જોવા મળી રહી છે. એક પેઢી પહેલાના લોકોએ ન જોયેલી કે ન વિચારેલી અનેક સુવિધાઓ હવે ખૂબ ઝડપથી માનવજીવનમાં આવી ગઇ છે અને તે સામાન્ય લોકજીવનમાં ખૂબ મોટી અસરો કરી રહી છે. જેમ કે પહેલા સમાજવાદ કે કુટુંબવાદની બોલબાલા હતી તેવા જીવનની વ્યાખ્યા હવે બદલાઇને એકાંતવાદ કે વ્યક્તિગત સુખવાદ તરફ જઇ રહી છે. આર્થિક સધ્ધરતા સાથે વૈચારિક ફળદ્રુપતા પણ આજની નવી ટેકનોલોજીના કારણે ઝડપથી વધી રહી છે. એક મિનિટમાં વિશ્વના કોઇપણ ખૂણાની માહિતી આપણા સુધી પહોંચી રહી છે. આ સમયમાં આપણને બે પેઢીની ખાઇ સ્પષ્ટપણે નજર સામે દેખાઇ આવે છે. જુની પેઢીના લોકો જે હાર્ડ વર્ક કરી ચુકેલા છે તેમના સ્થાને આજે યુવાનો સ્માર્ટવર્ક અને ફાસ્ટવર્કના નવા સિધ્ધાંતો પર દોડી રહ્યા છે.




આપણને અનેક લોકો કહેતા સંભળાશે કે અમારા જમાનામાં તો આવું કશું જોયેલું નહી એટલે અમને ક્યાંથી આવડે ? આજે નાનો ટાબરીયો પણ દાદા-દાદી કે મમ્મી પપ્પા કરતા અનેકગણી ઝડપે વિચારી રહ્યો છે અથવા નવી ટેકનોલોજીને સમજી રહ્યો છે. આ સમયે ટેકનોલોજીની સામે અનેક સવાલો પણ વધી રહ્યા છે,



શું આ નવી ટેકનોલોજીથી માનવજીવન પર નકારાત્મક અસરો થશે ?

શું ટેકનોલોજી માણસને કુદરતી જીવનથી દૂર લઇ જશે ?

શું આપણે શોધેલી ટેકનોલોજી આપણાં કરતા પણ આગળ નીકળી જશે ?

શું ટેકનોલોજીથી માણસ વધુ તેજસ્વી બનશે કે પાંગળો બની જશે?

શું ટેકનોલોજીથી માણસ-માણસ વચ્ચેનું અંતર ઘટશે કે વધશે ?

આપણે સૌ જાણીએ છીએ કે આવશ્યકતા એ શોધની માતા છે. જેમ જેમ માનવજીવનની જરુરિયાતો ઉભી થતી ગઇ તેમ તેમ સમસ્યાઓ આવતી ગઇ અને તેના ઉકેલ રૂપે તરત જ માનવજીવનમાં નવી ટેકનોલોજીનું કોઇને કોઇ દ્વારા સર્જન થતું ગયું.

હકીકતમાં ટેકનોલોજી અને રોજિંદી જિંદગી બન્ને એકસાથે ચાલતો પ્રવાહ છે. દરેક મહાન શોધ પાછળ માનવજીવનનું દર્દ કે તેની જરુરિયાત છુપાયેલી હોય છે. આ જરુરિયાત પૂર્ણ ન થાય તો જીવન પ્રવાહ અટવાઇ પડે અને જીવસૃષ્ટીમાં મનુષ્ય પાસે વિશેષ બુધ્ધિક્ષમતા હોવાથી તેને આ પ્રવાહને સાયન્સ એન્ડ ટેકનોલેજીના માધ્યમથી એકધારી ગતિ આપી છે. આ વિકસતી ટેકનોલોજીએ જ માનવને એક વિશિષ્ઠ દરજ્જો આપ્યો અને આપણું આદિમાનવનું જીવન જંગલમાં વ્યતિત થતું હતું તેમાં ધરખમ ફેરફારો થયા. જેમ જેમ રોજિંદી જરુરિયાતો વધતી ગઇ તેમ તેમ તેને માણસે પોતાના જીવનમાં બદલાવ લાવવાની શરૂઆત કરી અને માનવજીવનમાં ઉત્ક્રાંતિની શરુઆત થઇ. આ બદલાવને આપણે વિજ્ઞાન કે ટેકનોલોજીના નામે ઓળખીએ છીએ. જો કે આ ટેકનોલોજીએ અત્યાર સુધી તો માનવજીવનને નિરંતર સુખાકારી જીવન તરફ જ ગતી કરાવી છે. ટેકનોલોજીનો

દુરુપયોગ કરી માણસે જાતે દુઃખ ઉભુ કર્યુ હોય તેમાં તેનો તો કોઇ દોષ નથી જ.

જો કે જેમ જેમ આ ટેકનોલોજી માણસ જીવનમાં ઉમેરાતી ગઇ તેમ તેમ તેના જીવનમાં અનેક ફેરફારો આવી ગયા તે નક્કર હકીકત છે. ઇન્ફોર્મેશન ટેકનોલોજીએ તો આખા વિશ્વને બદલી નાખ્યું છે. હજારો માનવ કલાકો બચાવતી અનેક શોધો થવા લાગી અને માનવજીવનનો ઘણો ઘણો સંઘર્ષ ઓછો થઇ રહ્યો છે.

આ ટેકનોલોજીમાં ખૂબ જ મોખરાનું સ્થાન મેળવ્યું હોય તો તે છે આજનો આપણા હાથમાં સમાઇ જતો ટચુકડો સ્માર્ટ મોબાઇલ ફોન. દરેકના હાથમાં રહેલો ટચુકડો મોબાઇલ ધીરે ધીરે હરતી ફરતી ઇન્સ્ટીટ્યુટ બની ગયો છે. મોબાઇલ ફોનની શોધ પછી તો માણસને જાણે શરીરનું એક નવું અંગ મળી ગયું હોય તેવું લાગે છે...! હરતા-ફરતા, ઉઠતા-બેસતા, જાગતા-સૂતા દરેક માણસની સાથે તેનું આ અંગ કાયમ જોડાયેલું જ રહે છે. આપણે આપણાં શરીરના ભાગોની જેટલી ચિંતા નથી કરતા તેનાથી વધુ ચિંતા તો મોબાઇલની કરીએ છીએ. આ મોબાઇલે અનેક લોકોના જીવન હકારાત્મક અને નકારાત્મક બન્ને રીતે બદલી નાખ્યા છે. બન્ને એટલા માટે કહું છુ કે કેટલાક લોકોએ આ ટેકનોલોજીનો સદુપયોગ કરીને પોતાનું જીવન બદલ્યું છે અને અનેક યુવાનોએ તો આ ટચુકડા મોબાઇલની વ્યસ્ત અને મસ્ત જિંદગીમાં પોતાની કારકિર્દીના અનેક વર્ષો વેડફી પણ નાખ્યા છે.



આજે તમને જાહેરજીવન કે દરેક પ્રસંગોમાં મોબાઇલમાં માથું નાખીને પડી રહેલા કે વારેવારે મોબાઇલને ચેક કરવાની આદતથી ટેવાઇ ચુકેલા અનેક લોકો નજરે ચઢશે. તેમાંય સોશિયલ મિડિયાનો નશો હવે ધીરે ધીરે વકરી રહ્યો છે.

અનેક જાહેર ફંક્શનોમાં જોયું છે કે વ્યક્તિ તે ફંક્શન જોવા કે સાંભળવા આવ્યો છે કે લાઇવ કરીને બીજા માટે ફોટોગ્રાફરની ભૂમિકા ભજવવા તે સમજાતું જ નથી. તમારા જીવનની અનેક અંગત પળોને પણ ક્ષણવારમાં વિશ્વફલક પર મુકી આપણે ખૂબ રાજી થઇએ છીએ પણ તે ફોટોશુટ અને બીજાને મોકલવાની લ્હાયમાં પોતાની અંગતપળોને માણવાનું પણ આપણે ભૂલી જતા હોઇએ છીએ.

'હા... હા ... હું બે મિનિટમાં જ પહોંચ્યો...!'

'આજે બહારગામ જવાનું થયું છે...!'

'તમારા કામે જ બહાર નીકળ્યો છું..!' જેવા અનેક અસત્યો પણ હવે દરેક લોકોના મોઢે સહજતાથી આવવા લાગ્યા છે. તમે તમારા સગાસબંધીના ઘરે જાવ કે તમારા ઘરે કોઇ સબંધી આવે તો પણ દશા કેવી હોય છે ? લગભગ બધા જ પોતપોતાના મોબાઇલમાં જ મસ્ત અને વ્યસ્ત હોય છે. લોકો એકબીજાને મળવા આવે છે કે હું કેટલો વ્યસ્ત છું તે બતાવવા આવે છે તેનો આપણને ખ્યાલ જ ન રહે...!

અરે... હદ તો ત્યારે થાય કે તમે કોઇ અગત્યની વાત કરતા હોય અને ત્યારે જ તમારા ફોનની રીંગ વાગે એટલે ખલ્લાસ...! બધા કામો પડતા મુકીને તેને સૌથી વધુ પ્રાયોરીટી આપવા આપણે મોબાઇલ લઇને કોઇક ખૂણામાં ચાલ્યા જઇએ છીએ. એનો અર્થ એમ પણ થાય કે તમને તમારી સાથે રહેલા વ્યક્તિની કદર નથી.

મોબાઇલ વિશે કોઇએ સરસ લખ્યું છે કે,

ઘરે મહેમાનો ઓછાને મેસેજ વધારે આવે છે,

ને લોકો સમજે છે કે,

મોબાઇલ આપણને નજીક લાવે છે..!

ખરેખર આ સ્થિતિનું નિર્માણ હવે થઇ ચુક્યું છે. સામે મળેલાને ગુડ મોર્નિંગ કહેવા કરતા મોબાઇલના વર્ચ્યુલ ફ્રેન્ડને ગુડ મોર્નિંગ કહેવાનું આપણને વધારે ગમે છે. હા, ખરેખર જિંદગીમાં લાગણીઓનું સ્થાન ક્ષુલ્લક લાઇક્સે લઇ લીધું છે. વળી, ઘણી જાનલેવા ગેમ્સ, મોબાઇલ લીન્ચીંગ કે દુર્ઘટના સ્થળે મદદ કરવા કરતા વિડિયો ઉતારી લાઇવ કરવાવાળા અનેક કિસ્સાઓ પણ વધીને સામે આવી રહ્યા છે. વિજ્ઞાન શાપ કે અભિશાયનો યક્ષપ્રશ્ન તો યુગોયુગો સુધી ચાલ્યા કરશે અને ટેકનોલોજી ફાયદારૂપ બનશે કે સમસ્યારૂપ તે કોઇ સ્પષ્ટપણે નહી કહી શકે.

પણ, ટેકાનોલોજી, મોબાઇલ કે સોશિયલ મિડિયાએ માનવજીવનમાં અનેક પરિવર્તનો લાવી દીધા છે તે ચોક્કસ છે.

જેમાં,

(૧) મોબાઇલનું વ્યસન : ખાસ કરીને યુવાવર્ગમાં તો મોબાઇલનું વ્યસન ખૂબ ઝડપથી વધી રહ્યું છે. આજના યુવાનો દરરોજ કલાકોના કલાકો મોબાઇલ પાછળ વેડફી રહ્યા છે.

ટેકનોલોજી જીવનને વધુ સારુ બનાવવા જરુરિયાતનું સાધન છે પણ તેનો વિવેકપૂર્ણ ઉપયોગ યુવાનોને સમજાવવો ખૂબ જ અઘરો વિષય બની ગયો છે. સોશિયલ મિડિયા કે દરરોજ આવતી નવી નવી એપ્સ યુવાનોના મોબાઇલનો ડેટા જ નહી પણ તેમની જિંદગીના સમયનો ક્વોટા પણ ખલાસ કરી રહી છે. પરિવારમાં સાથે બેસવું એ તો હવે ધીરે ધીરે ભૂતકાળ બનવા જઇ રહ્યો છે. વિદ્યાર્થીઓ કે યુવાનોમાં એકાગ્રતા કે સકારત્મકતાને પણ મોબાઇલના વ્યસનથી અસરો થઇ રહી છે.



(૨) સબંધોનું છીછરાપણું : સોશિયલ મિડિયામાં હજારો કહેવાતા ફ્રેંડસ ધરાવતા માણસ પાસે અંગત કહી શકાય તેવા માણસોની ઉણપો દેખાઇ રહી છે. હવેના સબંધો ફક્ત વ્યાપારિક, ક્ષણિક પ્રસંગો પુરતા મર્યાદિત કે જરુરિયાત પુરતા સિમિત થવા લાગ્યા છે. એકમેકના ઘરે થોડીવાર રોકાઇને સુખ દુખના સહભાગી થનારાઓ તો હવે ફક્ત મેસેજ પાઠવતા થવા લાગ્યા છે. સુખ કે કોઇના દુઃખના પ્રસંગે સાથે રહેવા કરતા મેસેજ પાઠવી દેવાનો રીવાજ અથવા ફોન કરીને બે ઘડી વાતો કરી લેવાની પ્રથા હવે મજબૂત થવા લાગી છે.

(૩) સમયનો વ્યર્થ બગાડ : જે સમય આપણે આપણા પોતાના માટે, પોતાના સ્વાસ્થ્ય માટે, પરિવાર માટે કે સમાજ માટે આપવો જોઇએ તે આપણે મોબાઇલમાં આપી દઇએ છીએ. હવે લગભગના પરિવારોમાં એક દ્રશ્ય દેખાઇ રહ્યું છે કે મમ્મી-પપ્પા મોબાઇલમાં વ્યસ્ત હોય ને પોતાના છોકરાઓને મોબાઇલથી દૂર રહેવાની સલાહો આપી રહ્યા હોય. અરે... હવે તો પતિ-પત્નિ બેડરૂમમાં પોતાના સુખ દુખ કે પરિવારની કોઇ ચિંતા કરવાને બદલે પોતપોતાના મોબાઇલમાં વ્યસ્ત હોય છે અને ધીરે ધીરે પોતાના સુખી દાંપત્યજીવનને ધીરે ધીરે સમાપ્ત કરી દેતા હોય છે.

(૪) મોબાઇલ મેનિયાક : ધીરે ધીરે લોકો મોબાઇલ એટલે પોતાના શરીરનો ઓક્સિજન હોય તેવા બની ગયા છે. થોડી થોડીવારે જો તેને ચેક ન કરે તો તેને ચેન જ ન પડે..! ખરેખર બિલકુલ અનાવશ્યક મેસેજીસ માટે અતિઆવશ્યક સમયને આપણે ભૂલી જતા હોઇએ છીએ. વળી, વાત-વાતમા સેલ્ફી પણ આજના યુવાવર્ગનો ક્રેઝ છે. આ બધી આદતો તમને ધીરે ધીરે મોબાઇલ મેનિયાકના સ્ટેજ પર લઇ જશે.

(૫) જ્ઞાન અજ્ઞાન કે અફવાની સમસ્યાઓ : આપણાં મોબાઇલ પર અનેક એવા લોકોના સરસ સુવિચાર આવે છે કે તેમને તે સુવિચારનો પોતાના જીવનમાં ક્યારેય અમલ કર્યો જ ન હોય...! આ તો સારુ લાગ્યું. કંઇક નવું લાગ્યું એટલે તરત જ ફોરવર્ડ કરવાની આદત વધવા લાગી અને આવી આદતોને કારણે અનેક અફવાઓ કે ખોટા સમાચારોની સંખ્યા પણ વધવા લાગી છે.

(૬) સોશિયલ મિડિયા ક્રાઇમરેટ : ધીરે ધીરે ડિજીટલ દુનિયાના ગુન્હાઓ પણ વધવા લાગ્યા છે. કોઇનો દુષ્પ્રચાર, કોઇની સાથે દુશ્મનાવટ, કોઇ છોકરીના ફોટાઓ સાથે છેડછાડ વગેરેની અનેક સમસ્યાઓ પણ હવે દિનપ્રતિદિન વધી રહી છે.

આ અનેક મુદ્દાઓ છે કે જેનાથી લાગે કે આજની ટેકનોલોજી માનવજીવનની વ્યાખ્યાઓ બદલી રહી છે. ટેકનોલેજીની શોધ માનવજીવનની સાનુકુળતા, ઉપયોગિતા, એકબીજાને મદદરૂપ થવા, માનવકલાકોની બચત કરવા, માનવ-માનવ વચ્ચે સંવાદિતા કેળવવા, સૌની એકરૂપતા જાળવવા, વધુ ઉત્પાદકતા મેળવવા અને સુખરુપ જીવન માટે થતી હોય છે. તે ટેકનોલોજીનો છેવટનો ઉપયોગ તો છેલ્લે આપણે જ કરવાનો છે. મોબાઇલ હોય કે વિજ્ઞાનની અન્ય કોઇ પણ શોધ તેના સકારાત્મક અને નકારાત્મક બન્ને પાસા હોય જ છે. તેમાંથી આપણે આપણી વિવેકબુધ્ધિથી સુપેરે ઉપયોગ કરવો તેમાંજ આપણી જિંદગીનું સાચુ સુખ છે.

ડો. વિષ્ણુ પ્રજાપતિ, કડી, મો નં - ૯૮૨૫૮૭૪૮૧૦




# મોરબીની ધરતી પર.. અંધારી આઠમ નાં ઓછાયાં




તરડાયેલ હોંઠની વેદનાને -----દૂર કરી,.શુષ્ક ગળાનાં સાદને ઓળખાતાં, ઓ મચ્છુનીર તારાં • હતાં મુજ ભોમકાની ડેલીએ રૂડા.તારા રખોપા!! • ....સૌ જીવતા જીવને હૈયે, હતી ધરપત રૂડી.... ને નિંદરૂ બિન્ધાસ્ત રમતી'તી આંખ્યુંના ઓટલે !! • ના કોઈ ભો...ન્હોતો ઉચાટ કોઈ અંતરે.... હતા તો બસ શમણાંની ક્યારીમાં રૂમઝૂમ----ઝૂમતાં ઉમંગ-પૂષ્પો રુપાળાં !! • આજના એકડામા કાલનાં. કાળનો વરવો ઓછાયો, તે આ મિંડુ...શિદને ચિતર્યુ હશે વિધાતાએ? !! માત્ર કરડી નજરથીઇ.. કોરી કાટ કરી ભોમકા મારી----જ્યાં ઉભરાતુ હતું. કિડીયારૂ !! • કર્યાં કાંઈ કેટલાયે શેરીઓ ખૂંદતા ભૂલકાં ને... બિન્ધાસ્ત બાળુડાને, નોધારાં...નમાયાને, છીનવી કો'વહાલસોયી બેટડી... ને આસ ભર્યા કો'ક વૃધ્ધે અકાળે ગુમાવી... ટેકણ લાકડી !!! • ભૂંસાયા, અગણિત નવોઢાના સેંથાના સિંદૂર, ને ચૂડલીના કટકાંની વણઝાર.... જો ને કિચડમાં ચોધાર આંસુડે રૂવે !! • હતાં હૈયે જેને કોડ, પરણેતર ના પગની લાલચટક પાનીયુ જોવાના. અકાળે આદરી કૂચ.હજી ચાંદો ઘુંઘટ ની ઓથે હતો !! • ઊભા મોલ પધરાવી નીજ ઉદરમાં... જીવતા જીવનો કર્યો કાળે કોળીયો • શું પાપ સૌનાં પોકાર્યા એક સામટા ? ----કે કો'ક દાઝ્યા દિલનો છે અભિશાપ આ ?? ધુંધવાતી ક્ષણોની રાખ તળે ધરબાતી જીંદગી ની ચાડી ખાતા, આ નજરૂં ના નેવાં પર ઝળુંબતા ઓલ્યા નિસ્તેજ મોતિડાં હજી નજરે તરે છે !! • હૈયે થી રામ અળગો કરી, અસંખ્ય..અસહાય જટાયુ નો વધ કરતાં કળજુગ ના મૂઠ્ઠી ભર રાવણોના સ્વમુખે થી!!'હરે રામ-હરે કૃષ્ણ ની અખંડ ધૂન સાંભળી... ધરાનાર ખંધૂ હસ્યો'તો... ઓલ્યો યમદૂતનો પાડો પણ !!!!! હશે... બીજું શું ? !! • હેલી ચડી'તી હરખની જે'દિ... ને મથુરાએ લીધી'તી રાત... માથે!! મોરબી ની શેરીએ શેરીએ.. ઈ અંધારી આઠમ ના ભેંકાર... ઓળાંનો રઘવાટ હજી શમ્યો નથી આ કાન માં !! • કાળે બદલી કરવટ, તોયે... મોરબી ની આળી છાતી પર...શિતળ ડામ નાં ચાંઠા ખલિફ હજીસલામત છે હોં?!!



સૌરાષ્ટ્ર તથા કચ્છમાં લગભગ દર વર્ષે ઓથે વત્તે અંશે સૂકો દુષ્કાળ પડે છે. એ વાત સૌને વિદિત છે.આજે જ્યારે આ અંક આપ સૌ વાચક મિત્રો ના હાથમાં હશે ત્યારેઆજથી પૂરે પૂરા ૪૦ વર્ષો પૂર્વે સન ૧૯૭૯ ની (આજની જ તારિખે) ૧૧મી ઑગસ્ટ ના રોજ સૌરાષ્ટ્ર માં અને તેમાંય મારી મા ભોમકામોરબી માં સૂકો નહીં પણ લીલો દુષ્કાળ પડ્યો હતો આપણી ગરવી ગુજરાત ના ઘાટીલા અંગ પર સોહંતા ઘરેણાં સમી મારી માતૃભૂમિ,મારા જન્મ-સ્થળ મોરબીમાં,એક તો આભ ગાંડું તૂર બની વરસતું હતુતે હજી ઓછું હોય તેમ મોરબી ની પ્રજા માટે અમૃત કુંભ સમુ જળાશય મચ્છુ-ડેમ ની વરસો જૂની તકલાદી દિવાલો તૂટી જવાથી, મોરબી અને આજુ બાજુ ના વિશાળ પરિસરમાં અથાગ જળરાશી ધસમસતી, ગાંડી તૂર થઈ ફેલાઈ જવાથીજે માનવ સંહાર તથા વિકરાળ વિનાશ થયો હતો.તે.વિશે મારા આઘાત-પ્રત્યાઘાતો રજૂ કરું છું!!!

સમગ્ર ગુજરાત ના અમૂલ્ય આભુષણ સમી મારી ભોમકા, મારી માતૃભૂમિ મોરબી નાં સૌ ત્રસ્ત લોકોના શુષ્ક ગળાને,તરસ ને લીધે તરડાઈ ગયેલાં હોંઠો ની વેદનાને જો કોઈએ જાણી હોય તો તે,મચ્છુ નદી પર બાંધવામાં આવેલા વિસ્તૃત જળ-સંચય'મચ્છુ -ડેમે ' જાણી હતી----ઘરની કોઈ વૃદ્ધ વ્યક્તિ સમા ધીર-ગંભિર સ્વભાવની 'મચ્છુ'ની છત્રછાયા હેઠળઠાવકા રખોપાં હેઠળ સૌ અબાલ-વૃધ્ધને હૈયે ધરપત હતી .. હોં?!! કોઈ ના રુદિયામાં કોઈ હણફફડો ન

હતોસૌ એક નિંદરે નવલી પ્રભાત ના સોનેરી સૂરજ રોજ નિહાળતાં હતાં!!... કોઈ ને કશી બીક કે ચિંતા ફિકર જેવું ન હતું. બસ સૌ મિઠી નિંદરમાં નવ-ઉમંગોનાં સુગંધિત સોણલાં માણતા હતાં.... આજે જ્યાં ભલે અથાગ, અમાપ શાંતિ પ્રવર્તે છે, ત્યાં ...૧૯૭૯ ના ઑગસ્ટ મહિનાની ૧૧ મી તારીખે....જગત-વિધાતાએ કાળમુખો કેર શા માટે વર્તાવ્યો હતો?? જળ-સંચય (ડેમ) ની વર્ષો જૂની તકલાદી થઈ ચૂકેલી દિવાલો, બેફામ વૃષ્ટિ ને કારણે જળ રાશિનુ વધુ દબાણ સહન ન કરી શકવાથી ડેમ તૂટી ગયો હતોને વર્ષોથી નજરકેદ ભોગવી રહેલાં અથાગ જળ મૂક્તિ ના ઉલ્લાસ માં બેફામ બનીને ચારે તરફ વિસ્તૃત બની મોરબી તેમજ આજુ બાજુ ના અનેક ગામડાંઓ પર કબજો જમાવી બેઠાં.હા, જે સામે મળ્યું તે સૌને પરાસ્ત કરીને , રણયોધ્ધાઓની જેમ સામી ધસી આવતી વિશાળકાય લહેરો સામે બાથ ભીડવાની કોઈ માટીપગા ની તો શું? કાળમીંઢ તોતિંગ પત્થરોનીય મગરૂર નહોતી.. હોં ?!! ત્યાં વળી ઊભા મોલ, ઝાડ પાંદડા તણખલાં, ને ઓલ્યા બિચારા ઊગી ને ઊભા થતાં રજકણોની તો વિશાત જ શું ?!!આ રણશૂરા જળ-પ્રલયના ખપ્પરમાં હજારો નિર્દોષ (સાથે ઘણાં દોષિત પણ ખરાં જ !!) હોમાઈ ગયાં.



જગત વિધાતાએ બસ એક જ કરડી દ્રષ્ટી કરીને મોરબીને લગભગ જીવન રહિત કરી મૂકી... જ્યાં રાજમાર્ગ પર, શેરીઓમાં,...ને ચોકમાં....ને ખૂણે ખાંચરે, જ્યાં માનવ-મેદની કિડીયાઇરાની જેમ રોજ ઉભરાતી'તી ત્યાં સાવ સોપો પાડી દીધો...અનેક માસુમ ભોળાં નમણા ભૂલકાંઓ , કે જે આ મોરબીની શેરીઓ ખૂંદતા થાકતા નહોતા, બિન્ધાસ્ત ઊછળ-કૂદ કરતાં'તા,એ સૌને પલક ઝપકતા વારમાં, માવતર વિનાના..નોધારા--- નમાયા કરી મૂક્યાં.... કોઈ ડોશીમા ની એક ની એક દિકરીનું જીવન, દિકરીનો સુખી સંસાર જોવા આંખ્યું માથે હાથની છાજલી કરીને વાટ્યું નિહારતી'તી...ઈ ડોશીમા ને પળભરમાં ઝૂટવી લીધા'તા...હંમેશા માટે ! જેણે જીંદગી આખી પેટીયુ રળીને,પેટે પાટા બાંધીને વહાલસોયા એકના એક દીકરાના પાણી નાં પરપોટાની જેમ જીવથી પણ અદકેરા જતન કર્યા હતાં, એ આશાએ કે વાહેલા દિવસોમાં.ઈ મારી ટેકણલાકડી થશેઈ અરમાન ભરી આશાનો દિવડો પ્રગટાવી બેઠેલાં, અકાળે વૃદ્ધત્વ પામેલા .બિચારા મા-બાપની નજર સામેજ ઈ લાડકા દિકરાને .. દયાહીન પાપી જળ મોજાંઓ ઢસડીને પોતાની સાથે લઈ ગયાંઉફ ! બિચારા મા-બાપ લેફાટી આંખે જોતાં જ રહ્યાંપછી ઈ આંખો કોઈ દિવસ નો બિડાઈ.ચિંતા પર સૂવડાવતા પહેલાં બિડવી પડી હતી હોં ??? !! કે કંઈ કેટલીય નવોઢાના..કે જેનાં હાથની હથેળી ની અને પગની પાનીયું ની મહેંદી ની રતાશ ,લેશ માત્ર ઝાંખી પડી નહોતીઓલી નવ વિવાહિતા કોડવંતી યુવતીઓ નાં મનનાં માણિગર ને કાળની એક થપાટ લાગી અને બસ ખેલ ખતમ!!.. સેંથામાં હોંશે હોંશે હરખાતા સિંદૂર ની જીભેથી પળભર માં ..અરેમરસિયા સંભળાવા લાગ્યાંએ સાંભળીને ઓલી હોંશીલી ને હરખપદુડી સૌભાગ્યવંતી ચૂડલીઓનુ રૂદિયુ નંદવાઈને જીર્ણ-શિર્ણ થઈ ગયુએનાં નાના મોટાં ટૂકડાંઓ નીચે કિચડમાં નિરાધાર બનીને ચોધાર આંસુડે રડવા લાગ્યા'તાં.હોં ?? !!એને આશ્વાસન નાં બે શબ્દો કહેવા કોઈ નવરું નહોતુંહા, સૌને પોતાની આગવી વિકટ સમસ્યાઓ હતી ને !!

એવાં કેટલાંય નવલોહિયા યુવાનો, કે જેના ઉપલા હોઠ ના નેવાં પર હજી કાળી વાદળીય ન્હોતી ઢુંકાણીમૂછ નો દોરોય ન્હોતો ફૂટ્યો ..ને જેને રૂદિયે એક ગમતીલી આશ હતી..મિંઢોળા બાંધવાની, ને પરણેતર નો ઊજળો ચાંદ સમો ચહેરો તથા મહેંદી રચેલી ગૌરવરણી પગની પાનીયુ નિરખવાના કોડ હતાંઉમંગ હતાં.ઈ કરમના આગળીયાત કાળનાં મેલાં પ્રપંચને ન ઓળખી શક્યાંઅને પાંપણો વિંચાઈને ઊઘડે એટલી વારમાં----હતાં-ન હતાં થઈ ગયાં ઉફ! એવાં તો હજી કેટલાંય ફૂટડા,. યુવાનો હતાં, કે જેને વરઘોડેથી ઉતરીને હજી માંડ ગણતરીનાં દિવસો જ વિત્યા હતાંમનની માનેલી પરણેતર નું ઘુમટા ઓથે છુપાયેલું , ને મરક-મરક હસતું..મલપતુ મુખડુ હજી મન ભરીને જોયું પણ ન્હોતુ,ત્યાં તો કાળ નાં વિકરાળપંજા માં અકાળે સપડાઈ ને વિલીન થઈ ગયાંઅરેરેતરફડવા જેટલો સમય પણ તેમને મળ્યો નહોતો!!

જેમના અપશુકનિયાળ આયખાની થોડી'ક ક્ષણો બાકી હતી જે પેટનો ખાડો પૂરવા માટે વલખાં મારવા મજબૂર હતાં, એવા અનેક નિર્દોષ, મરવાના વાંકે જીવતાં જીવોના મુખમાંથી મિઠો કોળીયો, કોઈ બાજ પક્ષીની અદા થી ઝૂંટવી લેતેમ આ જળ-પ્રલયના વિકરાળ પૂરેમારી ભોમકા,મોરબી અને તેની આસપાસની વિશાળ ધરતી પર મદમસ્ત બની, લહેરાતા ઊભા મોલ ને ઓહિયા કરી લીધા..અને મરવા વાંકે જીવતાં

જીવોની મૃત્યુદંડ ની સજા પરજફરી સહી સિક્કા કરીને જાણે ઓફિસ સાવ બંધ કરી દીધી!!! પ્રકૃતિ નો આ અજબ ખેલ જોઈને એ પ્રશ્ન અનાયાસે આજે પણ આવીને ઊભો રહે છે કેઆટલા મોટા માનવ-સંહારની પ્રસ્તાવનામાં શું એ કારણ હતું કેસૌનાં પૂર્વ જન્મના કે પછી આ જ જન્મના સૌ પાપો એ એકસામટા---સાગમટે માથા ઊંચક્યા હતાં, કે પછી કોઈ ત્રસ્ત, પિડીત વ્યક્તિનાં.. કકળતા, કળકળતા, ને વલોવાતા હૈયેથી નિકળેલા કોઈ અભિશાપ ને કારણે જ પ્રકૃતિએ આવું રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ ??!!!

લગભગ દરેક ભાષામાં એક જગ મશહૂર કહેવત આકાર પામી છે.જેમ કે  વકત હી હર ગમ કી દવા હૈ... દુઃખ નું ઓસડ દહાડા કોઈ પણ અપ્રિય ઘટનાથી લાગેલા ઘા પર ફક્ત સમય જ મલમ રૂપે અક્સિર પૂરવાર થયો છે !! મોરબીનાં જળ-પ્રલયે જનમાનસ પર એક કુઠારાઘાત કર્યો હતો તેના પર ઔષધી રૂપે ચાલીસ વર્ષોના થર લાગી ચૂક્યા છે છત્તાં ભારેલા અગ્નિ પેઠે(રાખનાં થર હેઠળ ધધકી રહેલ અગ્નિ ની જેમ ) આ સમયની રાખ ના થર હેઠળ હજી પણ---જળ-પ્રલય, બાદ જીવિત રહેલ મનુષ્યોના સ્મૃતિ પટલ પર જીવતા જીવ ની સ્મૃતિ, અગનગોળા સમી ધધકી રહી છેહા, ઓલ્યા તેજ વિહીન, વિલા મોઢા પર વિષાદની વાદળીઓએ જ ગમગીનીનુ ઘટાટોપ સર્જ્યું હતુંએ શી રીતે વિસરાય ??!!! સૌરાષ્ટ્ર ના અભિન્ન અંગ સમાન સુપ્રસિદ્ધ તહેવાર સાતમ -આઠમ ના પ્રથમ ચરણેએટલે કે 'બોળ ચોથ' ના શુભ દિવસે જ , સમગ્ર જન માનસ ના આનંદ ની સવિશેષ ક્ષણોને તહસનહસ કરી નેઅધવચ્ચે જ રંગ માં ભંગ પાડી..હર હંમેશ માટે સૌ ના માનસ પટલ માં એક ક્યારેય ન રુઝાય તેવા દુઝતા ઝખ્મો ભરી દીધાં હતાંજેણે પોતાના આપ્તજનો ને ગુમાવ્યા છે,તેઓના માનસમાંથી એ કાળનાં ઓછાયા ક્યારેય વિલીન નહીં થઈ શકે એ નિશ્ચિત છે !! અખંડ ઉજાગરા થી સોજી ગયેલાં પોપચાંની કિનારીએ થીજી ગયેલાં અશ્રુ-બિંદુઓ સાવ સાચુકલા મોતીની જેમ આજે પણ મારી નજર સમક્ષ તરવરે છેજાણે સ્વાતી નક્ષત્રમાં વરસેલા પ્રથમ મૂઠ્ઠી ભર ટીપાં મોતી ન બની ગયાં હોય ?!!!!!



મોરબીમાં જ્યારે અહીં તહીં સર્વત્ર જળબંબાકાર હતુંનિયતિને આધિન ત્રિકોણના એક ખૂણે. માથે આભ ગાંડું તૂર બનીને વરસી રહ્યું હતુંત્યારે ઓલ્યા રહસ્યમય ત્રિકોણના બીજા ખૂણે હાથને હાથ ન સૂઝે એવો કાજળકાળો ઘટાટોપ અંધકાર છવાયો હતોવળી ત્રિકોણના ત્રીજા ખૂણે જીંદગી ની પથારી પર મોતનો સામાન જોઈ, જેની જીભ પર ક્યારેય રામનુ નામ ભૂલથીયે ફરકતુ નહોતું ,અને જેણે  જીંદગીમાં પરપિડન વૃત્તિ ને વશ થઈ અસંખ્ય અસહાય ગરીબ માનવીઓને રિબાવ્યા હતાં,એમનું શોષણ કર્યું હતું.એવાં કળજૂગના મૂઠ્ઠી ભર રાવણો પોતાના શ્રીમુખે થી!!...અલૌકીક ત્રિકોણના ચોથા ખૂણે ઊભા રહી 'રાધેશ્યામ' -'સીતારામ ' 'હરે કૃષ્ણ-હરેરામ' ની અંખંડ ધૂન અવિરતપણે કરવા લાગ્યા હતાં !!!!!... ત્યારે આભલાં ને એક અવાવરૂ ખૂણે અંતરિક્ષ માં, લપાઈને ઊભેલો ઓલો 'યમદૂત નો પાડો 'પણ, ગંભીર રહેવાની લાખ કોશિશ છત્તાં ય ધરાહાર ખડખડાટ હસી પડ્યો હતોહોં ? !!!!!

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતી ભારત

................. સંભવામિ યુગે યુગે

આ ઉક્તિ અંનુસારજ્યારે ધરતી પર કાળા માથાના માનવીનાં પાપો, દુષ્ટાચાર વધી ગયાં..ત્યારેદેવકીનંદન કૃષ્ણ એ આપેલા અમોઘ વચન મુજબ શ્રાવણ માસ ની અંધારી આઠમે મધરાતે ધરતી પર પગલાં પાડ્યાં..વરસતા વરસાદ,ને ઘટાટોપ અંધારામાં સૃષ્ટીના સૂરજે છાના છાના.અદ્રશ્ય કિરણો પાથર્યાને વાયુ વેગે આ શુભ સમાચાર જ્યારે ગોકુળ નાં ભોળાં માનવીઓ ને મળ્યાંત્યારે ખરેખર આખા ગોકુળીયા ના હૈયે જાણે હરખની હેલી ચઢી આવી 'તી !!અલબત્ત ફક્ત આંખોમાં આવી ઊભેલાં ઝળઝળીયાં દ્વારા જ વ્યક્ત થતી હતી !! શબ્દોમાં વ્યક્ત કરવાની કોઈ માટીપગા ની મગરૂર નહોતી !! કારણ પાપી રાજા કંસ ની સહ ને બીક હતી. ને કંસ ને આ વાતની જાણ થાય ત્યાર પહેલાં તો બાળ કનૈયો ,ઓલ્યો દેવકીનંદન ક્યારનોય નંદનો લાલ અને માતા જસોદાજી નો કુંવર બની ગયો હતો ! ..ને હવે હરખ નાં સાગરમાં નહાવાનો વારો હતો મથુરાનો !! મથુરાની ભોળી પ્રજાને તો આ વધામણી નાં વાવડ મળતા વારમાં જ રાત જાણે માથે લીધી હોય તેમ આનંદ વિભોર બની સૌ નાચતા કૂદતા હતાં ! આમાંના કોઈ ની આંખો માં નિંદર નહોતી. સૌ કોઈ ખુશીનો ખજાનો લૂંટતા હતાં ને લૂંટાતા હતાં

આમ તો મોરબી માં પણ ઈ જ શ્રાવણ ની ..ઈ જ અંધારી આઠમે કોઈની આંખોમાં નિંદરૂ નહોતી ! ઈ જ મેઘલી રાત ને ઈ જ અડાબીડ અંધકારે ચારેકોરથી ભરડો લીધો હતો !  . પણ એમાં સમા સમા નો ફેર હતો.હોં ??!! અહીં ક્યાં કૃષ્ણે જન્મ લીધો હશે ? .કોણ જાણે ???!!


એ-૬/૫૦૩ મંગલા ગ્રિન્સ.

ઊમા વિદ્યાલય નજીક,

તરસાલી, વડોદરા.


મોઃ ૬૩૫૪૨૦૯૯૧૭

# ખુશીઓનો શ્રાવણ માસ

**અનિલ ખારેચા**

ઈડિયટની અટારીએથી

વરસાદની રમઝટ મા દેડકાઓ કરતા તો જુગારીયાઓ..વધુ ખુશ થઈ જતા હશે તેવુ લાગે છે. શ્રાવણ મહિનો એટલે તેમના માટે જાણે વર્લ્ડકપ નો મહિનો પણ એ નથી સમજાતું કે શ્રાવણ જેવા પવિત્ર માસમાં જ જુગારીઓ ને રમવાની પ્રેરણા કેમ મળે છે? કે પછી ચાતક પક્ષી નો અંશ હશે તેમનામા કે વરસાદ વરસે ને મન મોર બની થનગાટ કરવા માંડે ને હાથ તિનપતી રમવા મજબુર થઈ જતા હશે? પાછા હારે તો પણ ચહેરો તો ભારમા જ હોય આ ધોની સાહેબની જેમ આ વખતે વર્લ્ડકપ મા ધોની એન્ડ કંપની બ્લાઈન્ડ રમવામા ગેમ હારી કે અમુક જોકરોએ હરાવ્યા તે તો તે જ જાણે પણ તેમાય તેમના પર કરોડોનો જુગાર રમાયો, કેટલીય ચેનલો એ ફાઇનલ માટે મસમોટી જાહેરાતો લઇ લિધેલી તે પણ પસ્તાયા..! ખેલાડીઓ ની અમુક ઉત્સાહી પત્નીઓ એ તો વર્લ્ડકપ જીતી ગયા પછી મોદી સાહેબને ટીમ મળવા જાશે ત્યારે શુ પહેરવુ તે પણ પ્લાનીંગ કરી નાખેલુ !



એક પિડીત જુગારી ભગાએ ઓફ કેમેરા કહ્યુ કે ભાઇ અમે સો બસોનુ રમીએ તો સજા થાય પણ વ્હાઇટ કોલરવાળા આઇપીએલ મા કરોડોના સટા રમે તે શુ છે ? લીગલી ડીમેટ એકાઉન્ટ ખોલી શેર બજારમાં ઉથલ પાથલ કરતા કલાકારો શુ છે ? શેરબજાર મા રમનારાને કદી પદ્મશ્રી મળીયો ? તે પણ જુગાર જેવુ જ છે તેમની રમત નાતો પાછા અખબારો મા રિવ્યૂ પણ આવે આટલુ ધોવાણ થયુ, આટલુ માર્કેટ ઉપર ગયુ, હવે આ તરફી ચાલ થાસે મને યાદ છે આ જુગારમા હર્ષદ મહેતા જેવા શકુનીઓ એ કેટલાંય ને રોડ પર લાવી દિધેલા ત્યારેય કેટલાયે કહેલ ઉપર તરફી ચાલ થાશે પણ બુરાહાલ થાશે તેવી કોઈ એ કલ્પના પણ ન્હોતી કરી, છતા કોઈ ને પુછો તો ગૌરવથી કહેશે અમારા એ તો શેરબજાર નુ કરે છે,પણ કોઈ પત્ની એમ કહેતા સાંભળીયુ કે તમારા ભાઈના હાથમા તો કલાને કસબ છે બાવન પતાના માસ્ટર માઇન્ડ છે. મે કહ્યુ ભગા તુ સાચો જ છો દરેક વ્યક્તિ કદાચ કોઈ ના કોઈ ક્ષેત્રે બંધ બાટનો જુગાર રમે છે તેના કરતાયે રમવો પડેછે, આ લગ્ન શુ છે ? બંધ બાટ મા શુ નિકળે તેના પર પાછળની જીંદગીની દશા ને દિશા નકકી થાય!

પણ હું તો હંમેશા કહું છું કે ભગવાને પુરુસોતમ માસ ના બદલે અપડેટ કરીને કહેવુ જોઈએ કે મહિનાઓ મા હું શ્રાવણ માસ છુ, જુગારીઓ માટે ખાસ છુ! ખરેખર સમાજનો દરેક વર્ગ આ માસ મા ખુશ હોય છે. માથે ટોપલુ લઇ રમકડા વેચવા વાળો નાનામા નાનો વર્ગ હોય કે પાર્ટી પ્લોટ મા મેળાનુ આયોજન કરતો શ્રીમંત વ્યક્તિ, હપ્તા ઉઘરાવતો પોલીસ વાળો કે નાની ભેળ પુરી વાળો બધાના હાટડા ધમધમે આ શ્રાવણ માસમા. આકાશ વરસેને ધરતી ખુશ, પશુ પક્ષીને ખેડુત ખુશ, રિક્ષા, વાહન ને હોટલવાળા ખુશ, કપડા મિઠાઈ વાળા ખુશ મંદિર ના પુજારીઓ ખુશ, પિયર જાતી નારી ખુશ ને.. એકલો પડેલો પતીતો સૌથી ખુશ હોય ! હમણાં એક પ્રસિદ્ધ ડોક્ટર મિત્રે હસતા હસતા કહયુ કે અનિલ ભાઈ વરસાદ ની રાહ ખાલી ખેડુતો જ નથી જોતા અમે ડોક્ટરો પણ જોઈએ છીએ વરસાદ થાય શ્રાવણ મહિનો આવે ત્યારે સિઝન ખુલે ! પણ નાના બાળકો થી લઇ મોટેરાઓ માટે આ શ્રાવણ માસ આનંદ લઇ આવે છે ને આમ લિલીછમ ધરતી જોઈને, ખુશ ખુશાલ માનવ જોઈને ખરેખર ઉપરવાળો પણ ખુશ થતો જ હશે.. કારણકે આ મહિનોજ ખુશ રહેવાનો છે.

# યે બાત કુછ હજમ નહિ હુઈ

પ્રફુલ્લ ઘોરેચા

આજે આપણે અહિયા થોડાક ફિલ્મી ગીતોના શબ્દોની ચર્ચા કરીને થોડો લહાવો લુટીએ. ફિલ્મી ગીતકારોએ શું કરામત કે ગોટાળા કર્યા છે તે પણ થોડું માણીએ.

''આઈ મિલનકી બેલા-તુમ કમશીન હો' ગીત સાંભળ્યું છે ને. કેવું મજાનું ગીત છે. નહિ ? હવે એ ગીતનો બીજો અંતરો લઈએ. ''તુમ તારે ગીનો ઔર નીંદ ઉડે, વો રાત હમેં મંજુર નહિ.... '' તો યે બાત તો હમે ભી મંજુર નહિ કેમ કે આમાં ગીતકાર શું કહેવા માંગે છે ? હવે તમે જ કહો, નીંદર આવી ગયા પછી તારા ગણવા કોણ નવરું છે અને નીંદરમાં તારા ગણી પણ કેવી રીતે શકાય ? અને ગણવા પણ શા માટે જોઈએ ? મજાની મીઠી નીંદર ના માણીએ ! હાં નીંદર ઉડી જાય અને પાછી રીટર્ન થાય જ નહિ તો પછી કદાચ ટાઈમ પાસ કરવા માટે તારા ગણીએ એ વાત જુદી છે. જોકે તારા ગણવા માટે આજકાલ ફળિયામાં કે અગાશીમાં સુવે પણ કોણ છે ? અને બેડરૂમમાં તારા ગણવા પણ કઈ રીતે ? હાં બેડરૂમ એવો શણગાર્યો હોય તો ગણી શકાય, તેમ છતા



આતો ફિલ્મી ગીતો અને મુહાવરા છે ભાઈ ! હમે તો યે બાત મંઝુર નહિ, બલ્કે યે જરૂર મંજુર હૈ કી તુમ્હારી નીંદ ઉડે પછી તુમ તારે ગીને રાખો.

હવે એક ગીત લઈએ ફિલ્મ બડી બહેનનું. ''જો દિલ મે ખુશી બન કર આયે, વો દર્દ બસાકાર ચાલે ગયે, જો શમા જલાને આયે થે, વો શમા બુઝાકર ચાલે ગયે.' ત્યારે આપણને એક પ્રશ્ન એ શમા જલાવવા કે બુઝાવવા જે કરવા આવ્યા હોય એ ભાઇ ને પૂછવાનું થાય કે ભાઇ તું શમા જલાવવા જ આવ્યો છો તો સાથે મશાલ કે માચીસ કે એવું કંઇ હળગાવવાનું લઈ આવ્યો છો કે બસ એમ જ હાલી નીકળ્યો છે ? પણ આપણે એને એવું નહિ પૂછીએ, કેમ કે એ એનો પ્રશ્ન છે, આપણે શું ?

ખૈર, ફરીથી ગીત યાદ કરીએ ''જો શમા જલાને આયે થે વો શમા બુઝકર ચાલે ગયે' હવે તમે જ કહો કે આ ભાઈ આવે છે ત્યારે શમા જલેલી છે કે ''ફૂસ' થઈ ગઈ છે ? જો શમા જલતી જ હોય, તો તેવી એટલે કે હળગેલી શમાને ફરી હળગાવવા માટે શું કામ આવવું પડે ? એય મજાનો નિરાંતે સતાધારના પાડાની જેમ ઘરે પડ્યો ન રહે ! હવે માનો કે ખરેખર જો શમા પહેલેથી જ ધબ્બો નારાયણ હોય તો તેને શું ખાક બુઝાવવાની ? લ્યો બોલ્યા શમા બુઝાકાર ચાલે ગયે. બુઝાવીને જવા માટે પહેલા જલતી તો હોવી જોઈએ ને ! હવે જલાવે તો પછી બુઝાવે શા માટે ? શું એ આવનાર નવરો છે કે ઘડી જલાવે, ઘડી બુઝાવે ? હેં વાચક, તું શું કહે છે આ બાબતમાં ? જરા ફોડ પાડતો મજા આવે. હવે પાછા એમ ના કહેતા કે બાઈનું કહેવાનું એમ થાય છે કે ''સુખી કરવા આવ્યો હતો ને દુઃખી કરીને જાય છે'. એ જે હોય તે, આ તો દિવા એટલે કે શમા હળગાવવાની વાત છે. જે દિવસનું આ ગીત સાંભળ્યું છે તે દિવસથી ગોટાળે ચડ્યો છું અને મગજ ભમે છે, અને હજુ જેટલી વાર સાંભળીશ એટલી વાર ગોથા ખાધા કરીશ કે ભાઈ શમા જલાવવા આવ્યા છે કે ઠારવા ? રેડિયો સાંભળવાનો જેણે શોખ છે એ લોકો ક્યારે ને ક્યારે તો આ ગીત સાંભળશે જ. સાંભળીને પ્લીઝ હેલ્પ મી.

કે પછી કદાચ એવું બન્યુ હોય, જેમાં આ કવિ સાચા લાગે છે, તે શક્યતા એવી છે કે ભાઈને શમા જલાવવા બોલાવ્યો હોય અને એ ખરેખર હળગાવવા જ આવ્યો હોય આવીને જુએ છે કે આ શમા તો આપણા પહેલા જ આવીને કોઈ હળગાવી ગયું છે તેથી ધક્કો થયો એની એવી તો દાઝ ચઢી ગઈ હોય કે એ હળગેલી શમા ઉપર પાણીની ડોલ નાખીને જતો રહ્યો હોય ! હેં વાચક તું શું કહે છે, એવું જ બન્યુંશે ને ! અથવા તો પછી ત્યાં એકથી વધારે શમા રાખી હોય, જેમાંથી થોડીક જલતી હોય અને થોડીકના રામ રમી ગયા હોય તો જે હળગતી ના હોય તેવી શમા જલાવવા આવ્યો હોય અને પછી વિચાર ફરી ગયો હોય કે આ નવું હળગાવવાને

બદલે જે પહેલેથી જ હળગેલું છે, તેને જ ઓલવી નાખો ને , ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી.. આવી એક શક્યતા લાગે છે. આપ શું કહો છો ? આપનો મત આવકાર્ય છે.

જો અત્યારે તમને માથામાં ખંજવાળ આવતી હોય કે અગર જો તમે બહુ લાગણીપ્રધાન હો અને તમને માથામાં સણકા ઉપાડતા હોય, તો તેમાં દવા લેવાની જરૂર નથી, એ બધો આ લેખનો પ્રતાપ સમજવો. હવે આગળ વાંચો. આવું તો ઘણું બધું આ લેખમાં આવશે. એમ કંઈ નાસીપાસ થઇ લેખ વાંચવાનો બંધ કરવાની જરૂર નથી. અને તમે વાંચવાનું બંધ કરશો તો મારે લખવું કેમનું ? અને રોજ રોજ નવા વાચક કાઢવા ક્યાંથી ?



હવે એક બીજા ગીત પર આવીએ. ગીત છે જૂની ફિલ્મ ફાગુનનું. ''મૈ સોયા અખીયા મીચે....' લો બોલો ! તો સુવાનું તો ભઈલા આંખ મીચીને જ હોય ને. એમાં તે નવું શું કીધું ? ખૈર, એ ગીતમાં પહેલા અંતરાના શબ્દો છે - ''યે કૌન હંસી શરમાયા, તારોકો પસીના આયા....' હવે તમેજ કહો ''તારોકો પસીના આયા'નો અર્થ શું સમજવો ? તારી લાઈફમાં તું કદી તારા પાસે ગયો છો ? તારાને હાથ અડાડ્યો છે ખરો ? તો કેવી રીતે ખબર પડી કે આ સળગતા તારાને પરસેવો વળી ગયો ! તમને આમાં કંઈ ટપ્પો પાડતો હોય તો મને પણ સમજાવશો જેથી હું પણ ગીતની પુરી મજા લઈ શકું.

હાં, કોઈ કહેશે કે કવિ એમ કહેવા માંગે છે કે તારાને પરસેવો વળી ગયો એટલે કે ગભરાઈ ગયા, તો મને કહો કે આટલા બધા ''તેજસ્વી' તારાઓ એમ કંઈ ગભરાતા હશે ! કાં પછી આ કવિના હાથમાં કોઈ માયકાંગલો તારો આવી ગયો હોય એમ બને. ખૈર, હવે એ વાત કવિ જાણે અને એના હાથમાં આવેલા તારાઓ જાણે, આપણે શું ! બરાબર ને ?

આ ક્ષણે એક ગીત ફિલ્મ અદાલતનું યાદ આવી ગયું. શબ્દો છે - ઉનકો યે શિકાયત હૈ કી હમ કુછ નહિ કેહતે ... તો એમાં ઉનકો એટલે કે એ ડોબાએ શિકાયત શું કરવાની? એલા ભાગ્યશાળી છો તું ભાગ્યશાળી. જેણે દસે આંગળીએ ''હનુમાનજી'ને પૂજ્યા હોય તેને આવી પ્રેમિકા કે પત્ની મળે કે કે જે બોલબોલ ના કરતી હોય, અને આ ભાઇ શિકાયતે ઉપડ્યા કે વો કુછ નહિ કહતી ! શું કહેવું એ મૂરખના જામને ! એલા મજા કર આવું પાત્ર તો લાખોમાં એકને મળે.

જો કે આ બધા જે ગીતો અહિ વર્ણવ્યા, તે બધા ખુબ જ મધુર છે અને સાંભળવા ગમે તેવા છે. બાકી શબ્દોને મારો ગોલી ! ગીતની મજા માણો. અને આપણા બધા જ ગીતકારો બહુજ ઉમદા પ્રકારના ગીતો લખે છે પણ મારો જ પન્નો ટૂંકો પડતો હશે આવા ગીતોને સમજવા માટે, એટલે મે તો જેવું દેખાણું એવું ઢસડી માર્યું !

તો છેલ્લે આપણે એક સુંદર શબ્દો વાળા ગીતનો પણ ઉલ્લેખ કરીને વિરમીએ. ફિલ્મ છે - ''શીશમ'. અર્થ પૂછતાં નહિ કે આ શીશમ એટલે લાકડું કે ડામરનું પીપ ! આપણે તો એના એક સુંદર ગીતના શબ્દો જ માણવા છે. ''બનાયી હૈ જિસ ને યે દુનિયા, ઉસે ટૂટે દિલ કો બનાના ન આયા', જેના પહેલા અંતરાના શબ્દો છે - ''સુના હૈ કી ઉસ ને સિતારે બનાયે, દિયે સેંકડો આસમાં પર જલાયે, બુઝા જો હમારા ચરાગ-એ-તમન્ના, ઉસે યે કિયા તો જલાના ન આયા.' વાહ, શું ગીત લખ્યું છે રોશનની ધૂન પણ એટલી જ મીઠી છે કે વારંવાર સાંભળ્યા જ કરીએ. ખૈર, ગીત રેર છે, પણ હવે આ યુગમાં તો નેટ પર મળી જ જાય છે. શક્ય હોય, તો ગોતીને સાંભળજો ને મને ખાત્રી છે કે એ બહાને પણ તમો મને યાદ કરશો.

આવજો. ફરી ક્યારેક આ રીતે મળીશું.


## વિશ્વકર્મા વિશ્વ
## લવાજમ ભરવા માટે...

### મોરબી

**રાજુભાઇ કથ્રેચા :** C/o. રાજુ વીડિયો, રુદ્ર પ્લાઝા કોમ્પ્લેક્ષ, શોપ નં. ૧૭, પહેલા માળે, શનાળા રોડ, મોરબી. મો. ૯૮૭૯૦૧૫૬૬૮

**ગીરીશભાઇ મિસ્ત્રી :** C/o. મિસ્ત્રી કલબ, પ્રથમ કવાટર્સ, લાતી પ્લોટ-૭, મોરબી. મો. ૯૯૨૫૫ ૮૩૫૩૬

### રાજકોટ

**અતુલભાઇ ભાડેશિયા** - શ્રી હરી પ્લાયવુડ એન્ડ હાર્ડવેર, ઘનશ્યામનગર કોર્નર, સેટેલાઇટ ચોક, મોરબી રોડ, રાજકોટ. મો. ૯૪૨૭૬ ૩૧૧૮૪, ૯૮૨૪૨૪૮૮૪૦

**રમેશભાઇ વાઘસણા** - મો. ૯૮૨૪૮ ૭૪૫૩૨

### જામનગર

**હીનાબેન અઘેડા** - મો. ૭૪૦૫૬૫૧૭૦૮

## ઓનલાઇન લવાજમ ભરવા માટે...

**Visit : www.vishwakarmavishwa.com**

# પતિને વશ કરવાની સાચી ચાવી

બચુભાઈ વડગામા

પ્રસંગ છે નાનો પણ દાંપત્ય જીવનમાં પ્રેરણાદાયક છે. પ્રસંગનો સંવાદ પાંડવોની પત્ની દ્રૌપદી અને શ્રી કૃષ્ણના પત્ની સત્યભામાં બન્ને વચ્ચે છે. આજે પણ ખાનદાન સંસ્કારી મનુષ્યના જીવનમાં તેટલો પ્રેરણાદાયક છે. જે દ્રૌપદી અને સત્યભામાના જીવનમાં સંસ્કારની અગત્યતા હતી તે આજે પણ દિવસો, મહિના વરસો કે યુગો બદલાયા તો પણ જરૂર તો તેજ છે. ભણેલ કે અભણ ગમે તે હોય પણ સંસ્કારી જીવન જીવવા માટે સાવચેત તો બધાને રહેવું પડે છે. ત્યારે જ સંસ્કાર જીવનની કથાઓ યુગે યુગે બનતી આવી છે.

પાંડવો વનવાસમાં હતા ત્યારે શ્રીકૃષ્ણ તથા સત્યભામા રથમાં બેસી વનમાં પાંડવોને મળવા આવ્યાં. સંકટના સમયે શ્રીકૃષ્ણને આવેલા જોઇ પાંડવો બહુ જ ખુશી થયાં વનવાસનું બધુ દુઃખ ભુલાય ગયું.

એક પર્ણકુટિરમાં પાંડવો, બ્રાહમણો અને શ્રીકૃષ્ણ સાથે મળીને બેઠા હતા. કૌરવોએ કરેલ અન્યાયની વાતો ચાલતી હતી. બીજી એક પર્ણકુટિરમાં પ્રિયભાષિણી દ્રૌપદી તથા સત્યભામા સાથે મળીને સુખ-દુઃખની વાતો કરતા હતા. કુરુકુળ અને યદુકુળ વિશે ચર્ચા ચાલતી હતી.



સત્યભામાએ કહયું, બહેન દ્રૌપદી ! તમારા પતિ પાંડવો લોકપાલ સમાન શુરવીર છે.પાંડવો પાંચ છે, તમો એક છો, તમો તેની સાથે કેવું વર્તન રાખો છો ? જેથી પાંચેનો તમારા ઉપર સરખો પ્રેમ છે, તેઓ આપસ-આપસમાં લડતા નથી. તમોને પણ સરખુ સુખ આપે છે તેઓ પાંચે તમારે આધીન રહે છે.

પ્રિય દ્રૌપદી ! હું જોઉં છું પાંડવો હંમેશા તમારું મુખ નિહાળતા જ હોય છે, આ રહસ્ય મને કહો, વ્રત, તપ, સ્નાન, મંત્ર, ઔષધ, વિદ્યા, જપ, હોમ અથવા પાંડવોને વશ કરવાની તમારી પાસે કોઇ જડીબુટ્ટી છે ? કે પછી યૌવનનો પ્રભાવ છે ? કે પતિ વશ કરવાની વિદ્યા છે ? તે મને કહો ? જેથી અનેક રાણીઓ સાથે રહેતાં શ્રીકૃષ્ણને હું વશ કરી શકું.

દ્રૌપદી આશ્ચર્ય પામતા કહેવા લાગી, બહેન સત્યભામા ! આપ સત્યનાં ચાહક હોવા છતાં મને દુરાચારિણી સ્ત્રીઓની વાત શા માટે પુછો છો. કપટ જાણીની વાતો મને કયાંથી માલુમ હોય ? જયારે પતિને જાણ થાય ગૃહદેવી મને કાબુમાં કરવા માટે મંત્ર તંત્રનો પ્રયોગ કરી રહી છે, ત્યારે ઘરમાં પડેલા સાપની માફક તે સ્ત્રીથી દુર રહેવા લાગે છે. ચિત્તની શાંતિ ન હોય તેને સુખ કયાંથી મળે ! ધૃત લોકો મંત્ર-તંત્રના બહાને એવી વસ્તુ આપી દે છે, જેથી ભયંકર રોગ થાય છે. પતિના શત્રુઓ આ બાને વિષ પણ આપી દે છે સ્ત્રીની કબુદ્ધિનાં કારણે પતિને અનેક જાતના ભયંકર રોગો થાય છે. પરંતુ સમજદાર સ્ત્રીએ કોઇ દિવસ પતિનું અપ્રિય કરવું ન જોઇએ.

દ્રૌપદી કહે, યશસ્વિની સત્યભામા ! મારા સફળ જીવનનું રહસ્ય રાખતી. પાંડવો કુટુંબનો બધા ભાર મારા પર છોડીને શાસ્ત્રચિંતન તથા અતિથિઓની આગતા-સ્વાગતા કરતાં હતાં. હું સર્વપ્રકારના સુખો છોડી તેમની જ સંભાળ રાખતી હતી. મારા ધર્માત્મા પતિઓનો જે કુબેરનો ભંડાર જેવા ખજાનાની ખબર મને એકને જ હતી.

સત્યભામા ! હું ભુખ તરસ દિવસ રાત જોયા વિના પાંડવોની સેવામાં લાગી રહી છું. દુષ્ટ સ્ત્રીઓના જેવા આચરણ હું કરતી નથી મારા સમર્પણથી અને કુટુંબના પ્રત્યાર્પણથી હું બધા સુખો અનુભવી રહી છું. પતિને વશ કરવાની સ્ત્રી પાસે આજ સાચી ચાવી છે. આ આપને હું સત્ય કહું છું.

સત્યભામા કહે, બેન મને ક્ષમા કરજો ગમ્મતની વાત કરતા મને આપની પાસેથી સત્ય જ્ઞાન પ્રાપ્ત થયું.

દરેક જીવન જીવવાની નીત નવી શૈલી લયને આવે છે. પુરાણા જાણી ફેંકી દેવાતા નથી. તેને જીવન ઘડતરમાં સ્થાન આપવાનું છે, તેથી જીવન અમર ઇતિહાસ બની જાય છે. જેને ખરેખર સુખી સંસાર બનાવવો હોય તો જીવનની સાચી વાસ્તવિકતા સમજાય જાય તો જીવન ધન્ય બની જાય છે. સંસારમાં નાના મોટાની સાચી વાસ્તવિકતા સમજાય જવી જોઇએ તો સમાનતાના દુઃખો ઉભા નહીં થાય, જીવન સુખ શાંતિથી મહેંકી ઉઠશે આવું એકાદ યુગલનું જીવન ઘણાના જીવનને રસ્તો બતાવશે રાહદર્શક થાશે આવા ઉંચ ચરિત્રો આવનારી પેઢીને પંથદર્શક થાશે.




# ઘોરાજીમાં ચર્તુથ સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

જયંતીભાઇ નગેવાડિયા

શ્રી વિશ્વકર્મા ગુર્જર સુથાર સમાજ-ધોરાજી દ્વારા ૭-૭-૧૯ રવિવારનાં રોજ ધોરાજીની ગાંધીવાડી ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવા માટેનો ચર્તુથ સરસ્વતી સન્માન સમારોહ યોજાઇ ગયો.

કાર્યક્રમનાં પ્રારંભમાં રમાબેન તલસાણિયાએ રજુ કરેલ શ્લોકની સાથે મુખ્ય અતિથિ નીતિનભાઇ વડગામા (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-સાહિત્ય ભવન) તથા મુખ્ય મહેમાન અમુભાઇ ભારદિયા (રવિ ટેકનોફોર્જ - રાજકોટ), રસીકભાઇ બદ્રકિયા (પ્રમુખ, ગુર્જર સુતાર જ્ઞાતિ - રાજકોટ), મગનભાઇ બોરાણિયા (ટ્રસ્ટી - ગુર્જર સુતાર જ્ઞાતિ - રાજકોટ), રમણીકભાઇ ગોરેચા (પ્રમુખ - ગુર્જર સુતાર જ્ઞાતિ - જામનગર), મનોજભાઇ પેશાવરીયા (પ્રમુખ વિશ્વકર્મા એજયુ. ટ્રસ્ટ - જામનગર), ચમનભાઇ ગોવિંદીયા (પ્રમુખ - રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ), હિનાબેન અઘેરા (પ્રમુખ જાગૃતિ મહિલા મંડળ-જામનગર), જગદીશભાઇ સોંડાગર, જયેશભાઇ પિલોજપરા (નાયબ મામલતદાર - ધોરાજી), જમનભાઇ પેશાવરીયા (વિશ્વકર્મા બાગ - મુંબઇ), શૈલેષભાઇ ઘોરેચા (પ્રમુખ ગુર્જર સુથાર જ્ઞાતિ - વડોદરા), ભવાનભાઇ ગજજર - કડી, દિલીપભાઇ ભારદીયા (ટ્રસ્ટી - ગુર્જર સુતાર જ્ઞાતિ-જામનગર), રમેશભાઇ વડગામા (ધનસુરા), જશુમતીબેન બકરાણિયા - કવિયત્રી-રાજકોટ, ભાવિષાબેન સંચાણિયા (ચાર્ટડ એકાઉન્ટન્ટ), તથા ધોરાજીના જ્ઞાતિના પ્રમુખ સહિતના હોદેદારોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવેલ.



**વિદ્યાર્થીએ શિક્ષણનાં પંચામૃત સંકલ્પ, શ્રમ, સંઘર્ષ, શ્રદ્ધા તથા સમયનું આયોજન કરી અભ્યાસ કરવો જોઇએ : નીતિનભાઇ વડગામા**

કાર્યક્રમનાં પ્રારંભમાં જ્ઞાતિના ઉપપ્રમુખ રાજેશભાઇ ગજજરે સ્વાગત પ્રવચનમાં મહેમાનોને આવકારતા જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં આપણી જ્ઞાતિનાં હોલમાં આપણો કાર્યક્રમ હોય તેવા અમારા પ્રયાસો છે. અમો એ વિશ્વકર્મા વાડી બનાવવાનું વિચારેલ છે.

બાદમાં પધારેલા મુખ્ય અતિથિ તથા મુખ્ય મહેમાનોનું જ્ઞાતિના પ્રમુખ તથા કારોબારીના સભ્યોના હસ્તે બુક, બુકે તથા સ્મૃતિચિન્હ અર્પણ કરી સ્વાગત તથા સન્માન કરવામાં આવેલ.

આ સરસ્વતી સન્માન સમારોહમાં એલકેજીથી લઇ કોલેજ સુધીમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતિય આવનાર વિદ્યાર્થીઓને સુરેશ ભારદીયા તથા દિલીપભાઇ ભારદીયા-જામનગર તરફથી શિલ્ડ, સ્વ. કિશોરભાઇ વડગામા પરિવાર દ્વાર ચોપડા, કલર બોકસ વગેરે, ભવાનભાઇ ગજજર - કડી તરફથી કપ, તથા કનુભાઇ સીતાપરા જુનાગઢ તરફથી બેગ આપવામાં આવેલ. વિદ્યાર્થીઓને આ ઇનામો પધારેલા મુખ્ય મહેમાનો, જ્ઞાતિ હોદેદારોના હસ્તે અપાયા હતા.

આ પ્રસંગે અમુભાઇ ભારદિયાનું પ્રમુખ જગદીશભાઇ બદ્રકિયા તથા તેમની ટીમ દ્વારા સ્મૃતિ ચિન્હ અર્પણ કરી તથા સાફો પહેરાવી, તેમજ ખંભાળિયા જ્ઞાતિના હોદેદારો દ્વારા શાલ ઓઢાડી તથા જામનગર જ્ઞાતિના હોદેદારો શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. નીતિનભાઇ વડગામાનું જ્ઞાતિના પ્રમુખ તથા હોદેદારો દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. ઉપરાંત કનુભાઇ સીતાપરા તથા ઉમાબેન આમરણીયાને અકસ્માત વખતે સેવા આપનાર ગજજર યુવા ગ્રુપના સભ્યોનું જ્ઞાતિ દ્વારા સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે મુખ્ય અતિથિ નીતિનભાઇ વડગામાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે આવા કાર્યક્રમોથી બાળકોનો જુસ્સો વધે છે, તથા બાળકોમાં કંઇક ઉગતું હોય છે, પાગરતું હોય છે. વધુમાં વિદ્યાર્થીઓને શિક્ષણના પંચામૃતની વાત કરી હતી. પંચામૃતમાં (૧) સંકલ્પ, શિક્ષણની સાથે સંકલ્પ કરવો પડે, તો કંઇક કરી શકાય. તો કંઇક પામી શકાય. (૨) શ્રમ, શ્રમ કરવો પડે, મહેનત કરવી પડે. (૩) સંઘર્ષ, સંઘર્ષ પણ કરવો પડશે. સંઘર્ષ વિના નહિ ચાલે. મહાન















વ્યકિતઓના દાખલા છે કે તેઓએ સંઘર્ષ કર્યો છે. અમુભાઇ ભારદીયા તેમનો દાખલો છે. અમૃતની આત્મકથામાં તેમની હકીકત છે. (૪) શ્રધ્ધા, શ્રધ્ધા રાખવી પડશે. પરિણામ ગમે તેવું આવે, નિરાશ નહિ થવું જોઇએ. હંમેશા આશાવાદી રહેવું. શ્રધ્ધા મંજીલ પર લઇ જાય છે. (૫) સમયનું આયોજન : થાશે, થશે, પડશે તેવા દેવાશે નહીં ચાલે. પ્લાનીંગથી અભ્યાસ કરશો તો જ સાચું પરિણામ આવશે. પહેલેથી સમયનું આયોજન કરશે તો જ સારી રીતે પરીક્ષા આપી શકાશે.

વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટ જામનગરમાં મનોજભાઇ પેશાવરીયાએ વિદ્યાર્થીઓની બહુ ઓછી હાજરી અંગે ટકોર કરી હતી. દરેક મા-બાપોએ એ સંતાનોને તેમને જેમાં રસ હોય તેમાં પ્રોત્સાહન આપવું જોઇએ. કોઇપણ ક્ષેત્રમાં ખુબ જ નિષ્ઠાથી કાર્ય કરી પોતાનું સ્તર ઉંચુ લાવવું જોઇએ.

ભવાનભાઇ ગજજરે જણાવ્યું હતું કે, આપણા સમાજની બધી સંસ્થાઓ નાના કોડીયાઓ છે જે ગામે ગામ પ્રકાશ ફેલાવવાનું કામ કરે છે. દરેકે જવાબદારી ઉપાડી છે. આ કોડીયા કાયમ પ્રકાશ રેલાવતાં રહે તેની જવાબદારી સમાજની છે. તેમાં ઘી પુરતું રહેવાની જવાબદારી સમાજની છે.

જશુમતીબેન બકરાણિયાએ જણાવ્યું હતું કે, આજે ગામેગામ વિદ્યાર્થી સન્માનના કાર્યક્રમો થાય છે. પાયાની વાત એ છે કે આજે શિક્ષણનું ખાનગીકરણ થઇ ગયું છે. ફી મોંઘી છે. ગરીબ અને સાધારણ વ્યકિતની કમર તુટી જાય છે. મફત શિક્ષણ આપી ગરીબ અને તવંગરને સાથે ભણાવો. સરકારે ખાનગી શાળાઓ બંધ કરી દેવી જોઇએ.

ભાવિષાબેન સંચાણિયાએ જણાવ્યું હતું કે, સફળતા વખતે અભિનંદન દેવાવાળા ઘણા મળશે. પરંતુ નિષ્ફળતા પચાવતા શિખવી પડશે. આથી શિક્ષણ જ  એક માપ નથી. દુનિયા મોટી છે બાળકોને પ્રોત્સાહિત કરો. શિક્ષણ જરૂરી છે પણ શિક્ષણ જ બધું નથી. ફકત કિતાબનાં કિડા ન બનાવો. ફકત શિક્ષણ જ માપદંડ નથી જિંદગી માણો. રમત-ગમત તથા રસનાં વિષયમાં આગળ વધો. રસ નથી તેમાં તે કંઇ નહીં કરી શકે.

આ ઉપરાંત દિલીપભાઇ ભારદિયા, ગૃહમાતા નિર્મળાબેન, રમેશભાઇ વડગામા, ચેતના વાલંભિયા તથા ઉમાબેન આમરણીયાને પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. રાજકોટ જ્ઞાતિનાં અધ્યક્ષ હાજર નહીં રહી શકતા તેમના શુભેચ્છા સંદેશનું વાચન કરવામાં આવેલ. આ પ્રસંગે વિવિધ શહેરોની સંસ્થાઓ તરફથી તેમજ દાતાઓ તરફથી અનુદાન જાહેર કરવામાં આવેલ. એમ કુલ લગભગ રૂા. એક લાખ જેવી રકમનું અનુદાન નોંધાયેલ.

આ પ્રસંગે વિવિધ ગામ-શહેરોનાં જ્ઞાતિના સંસ્થાઓના પ્રમુખો-ટ્રસ્ટીઓ-કારોબારી સભ્યો ઉપસ્થિત રહયા હતા. જેમ કે રાજકોટથી પ્રમુખ ઉપરાંત ઉપપ્રમુખ કાંતીભાઇ તલસાણિયા, ટ્રસ્ટી હરેશભાઇ વડગામા, રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના ઉપાધ્યક્ષ ભરતભાઇ ખારેચા, મંત્રી નટુભાઇ ભારદિયા, ટ્રસ્ટી અરવિંદભાઇ ત્રેટીયા વગેરે તથા વડોદરા, જામખંભાળિયા, ગોંડલ, ભાટીયા,પોરબંદર, જામનગર, ઉપલેટા, લાલપુર, જુનાગઢ, મુંબઇ, માણાવદર, પડધરી, અમદાવાદ વગેરેથી શહેરોના અગ્રણીઓ પણ પધાર્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાતિના પ્રમુખ જગદીશભાઇ બદ્રકિયા, ઉપપ્રમુખ રાજુભાઇ ગજજર, મંત્રી રમેશભાઇ અંબાસણા, ખજાનચી કમલેશભાઇ ભારદીયા તથા કારોબારી સભ્યો વિનુભાઇ જોલાપરા, વિનુભાઇ કરગથરા, હિતેષભાઇ બકરાણિયા, અરવિંદભાઇ તલસાણિયા, નિલેશભાઇ ભાડેશીયા, નરેશભાઇ ગજજર, સંદિપભાઇ સંચાણિયા વગેરેએ જહેમત ઉઠાવેલ હતી. કાર્યક્રમના અંતે સૌએ સાથે ભોજન લીધું હતું. કાર્યક્રમનું સંચાલન નટવરભાઇ આહલપરાએ કર્યું હતું.

## કન્યા છાત્રાલય જ્ઞાતિને અર્પણ કરો પછી હું બેઠો છું : અમુભાઇ ભારદિયા



આ સરસ્વતી સન્માન સમારોહમાં અમુભાઇ ભારદિયાએ પોતાના ઉદબોધનમાં પ્રાસંગિક વાત કરી હતી અને વધુમાં રાજકોટ કુમાર છાત્રાલય અંગે જણાવ્યું હતું કે, સુર્યકાંતભાઇ વડગામા બોર્ડિંગનાં ફાઉન્ડર છે. હું પણ જોડાયેલ હતો. મેં વર્ષો પહેલા છોડી દીધી હવે ગુર્જર સુતાર જ્ઞાતિને સોંપી છે મેં વચન આપેલ કે બોર્ડીંગ ચાલવી જોઇએ. પ્રાઇવેટ ટ્રસ્ટ કરીને મેં ભુલ કરી છે. કોઇએ પ્રાઇવેટ ટ્રસ્ટ કરવું નહીં. હું કન્યા છાત્રાલયના ટ્રસ્ટીઓને કહું છું. બે વર્ષમાં કન્યા છાત્રાલય જ્ઞાતિને અર્પણ કરો પછી હું બેઠો છું. એકતા હશે. પીઠબળ હશે તો સતત સારું કામ થશે. ધોરાજીની જ્ઞાતિ જગ્યા લ્યે તો હું આવો એસી હોલ બનાવી આપીશ.

આ પ્રસંગે ધનજીભાઇ પંચાસરાએ જણાવ્યું હતું કે, અમુભાઇએ કન્યા છાત્રાલય સમાજને સોંપી દેવાની વાત કરી. કન્યા છાત્રાલય ઉભી કરવામાં સાથે હોયતો હવે અમુભાઇનાં વિચાર સાથે અમે સાથે જ હોય.

# ખંભાળીયામાં વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

મીરા જે. નગેવાડિયા





શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-જામખંભાળિયા દ્વારા જ્ઞાતિની વાડી વિશ્વકર્મા બાગ ખાતે તા. ૨૧-૭-૧૯ રવિવારના રોજ ૨૫મો વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાય ગયો. કાર્યક્રમનો પ્રારંભ રાષ્ટ્રગીત જન ગન મણ... થી કરવામાં આવેલ. બાદમાં બાળાઓએ જુદા જુદા ધર્મની વેશભુષા સાથે એક તુ હી સહારા... ગીત પર ડાન્સ રજુ કરી મહેમાનોનું સ્વાગત કરેલ. બાદમાં પધારેલા મુખ્ય મહેમાન અમુભાઇ ભારદીયા (રવિ ટેકનોફોર્જ - રાજકોટ) તથા અતિથિ વિશેષ તરીકે પધારેલા ધનજીભાઇ પંચાસરા (કન્યા છાત્રાલય-રાજકોટ), ભવાનભાઇ ગજજર-કડી, રમેશભાઇ તલસાણિયા(ટ્રસ્ટી-કન્યા છાત્રાલય, રાજકોટ), રમણીકભાઇ ગોરેચા (પ્રમુખ ગુર્જર સુતાર જ્ઞાતિ-જામનગર), ચમનભાઇ ગોવિંદીયા (પ્રમુખ-રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ), પંકજભાઇ ભેંસાણીયા (પ્રમુખ - વિશ્વકર્મા બાગ, મુંબઇ), પ્રો. ડી. જે. બાવળેચાસાહેબ (યુવા સંઘ - અમદાવાદ), રમેશભાઇ વડગામા-ધનસુરા,



## જો નિર્ણય શકિત નહીં હોય તો આગળ નહીં આવો : અમુભાઇ ભારદિયા

કિરીટભાઇ પંચાસરા - પોરબંદર, પ્રો. ડો. ભાવિકભાઇ પંચાસરા-લાલપુર, ભરતભાઇ કડેચા (પ્રમુખ ગુર્જર સુતાર જ્ઞાતિ પડધરી), શાંતીભાઇ સુરેલિયા - જામનગર, પ્રફુલ્લભાઇ સુરેલીયા (પ્રમુખ ગુર્જર સુતાર જ્ઞાતિ, અમદાવાદ), જાડેજા સાહેબ પોલીસ ઇન્સ્પેકટર ખંભાળીયા, કાંતિભાઇ તલસાણિયા (ઉપપ્રમુખ-ગુર્જર સુતાર જ્ઞાતિ, રાજકોટ), હર્ષદભાઇ ઘોરેચા(મંત્રી) તથા જયંતભાઇ જોલાપરા-સહમંત્રી વિશ્વકર્મા બાગ-મુંબઇ, કિશોરભાઇ વડગામા-એડવોકેટ દ્વારકા, શૈલેષભાઇ ઘોરેચા(પ્રમુખ ગુર્જર સુતાર જ્ઞાતિ-વડોદરા) તથા ખંભાળીયા જ્ઞાતિના પ્રમુખ હરૂભાઇ વઘાડીયાના હસ્તે દિપપ્રાગટય કરવામાં આવેલ.

બાદમાં પધારેલા મહેમાનોનું ખંભાળીયા જ્ઞાતિના પ્રમુખ તથા કારોબારી સભ્યોના હસ્તે બુકે આપી સ્વાગત કરવામાં આવેલ. અમુભાઇ ભારદીયાને હરૂભાઇ વઘાડીયાએ સન્માનપત્ર આપી તથા પડધરીના ભરતભાઇ કડેચા દ્વારા તથા ધોરાજીનાં પ્રમુખ તથા ટીમ દ્વારા શાલ ઓઢાડી સન્માન



## વિદ્યાર્થીની ડીગ્રી કે માર્કશીટ જ નહીં પરંતુ તેમનામાં રહેલ આવડત અને આત્મવિશ્વાસ મહત્વના છે : પ્રો. ડો. ભાવિકભાઇ પંચાસરા







કરવામાં આવેલ. તેમજ ઇનામના દાતા સ્વ. ડાયાભાઇ દેવજીભાઇ સુરેલીયાના પરિવારના શાંતિભાઇ, મુકેશભાઇ તથા દિનેશભાઇનું તથા સંધ્યા ભોજનનાં દાતા જેન્તીભાઇ પરમાણદભાઇ વઘાડીયા પરિવાર - જામનગરનું સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવેલ. હર્ષ સાહેબનું સન્માન શાંતિભાઇ, મુકેશભાઇ તથા દિનેશભાઇ સુરેલિયા દ્વારા કરવામાં આવેલ. તેમજ મંદિરના પુજારી બળવંતભાઇ થાનકીનું સન્માન અશ્વિનભાઇ પનારાએ કર્યું હતું.

બાદમાં સ્વાગત પ્રવચન કરતા શિક્ષણ સમિતિના પ્રમુખ અજયભાઇ વઘાડીયાએ મહેમાનનું શાબ્દિક સ્વાગત કરેલ અને જ્ઞાતિ દ્વારા ચાલતી પ્રવૃત્તિની અને મંદિર દ્વારા ચાલતી પ્રવૃત્તિની માહિતી આપી હતી.

બાદમાં મુખ્ય મહેમાન અતિથિ વિશેષશ્રીઓ તથા ખંભાળીયા જ્ઞાતિનાં ટીમના સભ્યોના હસ્તે એલકેજીથી લઇ કોલેજ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો અપાયા હતા.

આ પ્રસંગે પ્રો. ડો. ભાવિકભાઇ પંચાસરાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સંપત્તિ કે આભુષણોની ચોરી થાય છે પરંતુ જ્ઞાન અને વિદ્યાની ચોરી થઇ શકતી નથી. અને પચીસ વર્ષ પહેલા આ વિદ્યાર્થી સન્માનની શરૂઆત કરનાર વડીલોના યોગદાનની વાત કરી હતી. દાતાઓને અભિનંદન આપતા જણાવ્યું કે કન્યાદાન, ભુમીદાન, ગૌદાન તથા વિદ્યાદાન આ ચાર દાન શ્રેષ્ઠ દાન છે. વધુમાં જણાવ્યું કે, જ્ઞાન એટલે શાળા કોલેજમાં મેળવેલ વિદ્યા, ડિગ્રી કે માર્કશીટ જ નહીં પરંતુ તેમનામાં રહેલ આવડત, આત્મવિશ્વાસ મહત્વનાં છે. ડિગ્રીએ સફળતાની સીડી નથી. ડીગ્રી ઉપર કે માર્કશીટ ઉપર હરકશોક ન કરતા પ્રેકટીકલ બનજો. આજે સારા ડોકટરની જરૂર છે તેટલી જ એક સારા કારીગરની જરૂર છે. જ્ઞાનની પ્રવૃત્તિ એજ કરી શકે જેને શ્રદ્ધા હોય. સંપતીવાને સમાજ ઉપયોગી થવું એ જ મહત્વનું છે.



આ પ્રસંગે અમુભાઇ ભારદીયાએ જણાવ્યું કે આ વાડીની સુંદરતા પ્રાણભાઇ બામરોલીયાના આભારી છે. ઓછુ ભણશો તો ચાલશે પરંતુ સાચું તો સમાજમાંથી ભણવાનું છે. જો નિર્ણય શકિત નહી હોય તો આગળ નહીં આવો. એક જણ એક જ જકામ કરશે તો વધુ આગળ આવશે. ટીમ વર્ક અને વિશ્વાસ વગર કામ ન થાય. તમારા માણસ ઉપર વિશ્વાસ કરો. વધુમા કહયુ કે મારે સમાજ માટે ૧૫ કરોડ વાપરવા છે. જેમાં ૬૦ ટકા આપણા સમાજ માટે અને ૪૦ ટકા અન્ય સમાજ માટે. વ્યસન મુકિત માટે કહયું કે માણસ નિશ્ચિય કરે તો વ્યસન મુકત બની શકે અને કહયું કે મારે બધા વ્યસન હતા પરંતુ નિશ્ચય કરી બધા વ્યસન છોડયા છે.

ભવાનભાઇ ગજજરે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રની ત્રણ વસ્તુ જાણીતી છે અસ્મિતા, દિલેરી અને ખમીર આ અંગે હેમુ ગઢવીની એક વાત દ્રષ્ટાંત રૂપે જણાવી હતી.

હિનાબેન પંચાસરાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે દિકરીઓ પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે. દિકરીઓને પ્રોત્સાહન આપવું પડશે. આપણા સમાજમાં દિકરીઓનું પ્રતિનિધિત્વ ઓછું છે. ભણેલી પરિણિત દિકરી પોતાનું ભરણપોષણ કરી શકે. આપણી દિકરીની જેમ પુત્રવધુને પણ પ્રોત્સાહન આપવું જોઇએ. પી.આઇ. જાડેજા સાહેબે જણાવ્યું હતું કે તમારો સમાજ કારીગર વર્ગ છે. વ્યસનમુકત રહેવા જણાવ્યું કે એક વ્યસનને કારણે કોઇએ એકનું એક સંતાન ગુમાવવુ પડે છે તે ન બને તે જોજો. આ ઉપરાંત અન્ય અગ્રણીઓએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

આ પ્રસંગે વિવિધ શહેરોમાંથી જ્ઞાતિનાં-સંસ્થાના અગ્રણીઓ પધાર્યા હતાં. જેમાં જગુભાઇ ભારદીયા-અધ્યક્ષ તથા અન્ય કારોબારી સભ્યો ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ, રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના ઉપાધ્યક્ષ ભરતભાઇ ખારેચા તથા મંત્રી નટુભાઇ ભારદીયા, સુરેશભાઇ વડગામા-પ્રમુખ, જુનાગઢ, ભનુભાઇ બકરાણિયા-પ્રમુખ, જામજોધપુર, ગીરધરભાઇ ઘોરેચા પ્રમુખ, લાલપુર, વિશ્વકર્મા વિશ્વનાં તંત્રી પ્રવીણભાઇ ગજજર, વિશ્વકર્મા વંશજના તંત્રી બીપીનભાઇ જાદવાણી, વિનુભાઇ ભારદીયા, મગનભાઇ બોરાણીયા ટ્રસ્ટી-કન્યા છાત્રાલય તથા જ્ઞાતિ, રાજકોટ, જગદીશભાઇ બદ્રકિયા પ્રમુખ-ધોરાજી, કિશોરભાઇ વડગામા-ખંભાળીયા, ભગવાનજીભાઇ પીસાવડીયા તથા ડો. સુરેશભાઇ ગજજર-ભાટીયા, હંસાબેન અંબાસણા-ભાણવડ, યશભાઇ ભાડેશીયા-ખંભાળીયા, જયસુખભાઇ નગેવાડીયા પ્રમુખ-ગોંડલ તથા ખંભાળીયા નગરપાલિકાના પ્રમુખ સ્વેતાબેન શુકલ ઉપસ્થિત રહયા હતા. તેમજ ખંભાળીયાના જ્ઞાતિજનો, બાળકો પણ ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે દાતાઓએ સંસ્થાના વડાઓ પોતાના અનુદાન નોંધાવેલ. કાર્યક્રમના અંતે સૌએ સાથે ભોજન લીધું હતું. આ કાર્યક્રમમાં જામનગરથી પધારેલ નાની-નાની બાળાઓએ છોટી શી આશા... ઉડને કી આશા... ફિલ્મ ગીત પર ડાન્સ રજુ કર્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં જ્ઞાતિની નિયામક સમિતિના ઠાકરશીભાઇ વડગામા, સુંદરજીભાઇ સુરેલીયા તથા લાલજીભાઇ વઘાડીયા, પ્રમુખ હરૂભાઇ વઘાડીયા, ઉપપ્રમુખ હેમંતભાઇ મેસવાણિયા, મંત્રી ભરતભાઇ મેસવાણિયા, સહમંત્રી કપીલભાઇ બોરાણીયા, ખજાનચી નિલેશભાઇ દુધૈયા, સંદીપભાઇ ભારદીયા, હિતેષભાઇ દુધૈયા, શિક્ષણ સમિતિના પ્રમુખ અજયભાઇ વઘાડીયા, ઉપપ્રમુખ પ્રફુલ્લભાઇ પનારા, ભાવેશભાઇ વડગામા, પ્રતિકભાઇ અંબાસણા, મિલનભાઇ ભારદીયા, પરેશભાઇ પંચાસરા તથા ભુષીતભાઇ વોરલીયા તથા કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન જયંતીભાઇ સુરેલિયા તથા નટવરભાઇ આહલપરાએ કર્યું હતું.

# રાજકોટના યુવા વૈજ્ઞાનિક દેવેન પાટણવાડિયા નેશનલ એવોર્ડથી સન્માનિત






રાજકોટના ગુર્જર સુતાર જ્ઞાતિના પાટણવાડિયા પરિવારના દેવેન ગીરધરભાઇ પાટણવાડિયાએ નેશનલ ઇન્સ્ટીટયુટ-ગોવા ખાતે પીએચડીના અભ્યાસ સાથે ડિઝાઇન કરેલા માઇક્રોચીપ પેચ એન્ટેના બદલ ગાંધીયન યંત્ર ટેકનોલોજીકલ ઇનોવેશન (GYTI) એવોર્ડ-૨૦૧૯થી સન્માનીત થયા.

ભારત સરકારની પહેલ સૃષ્ટિ (SRISTI) અંતર્ગત યુવા વૈજ્ઞાનિકને પ્રોત્સાહિત કરવા આ એવોર્ડ એનાયત થાય છે. સમગ્ર ભારતમાંથી આ એવોર્ડ માટે યુવા વૈજ્ઞાનિકોને આમંત્રિત કરવામાં આવે છે.



રાજકોટમાં સુથારી ફર્નીચર કામનો વ્યવસાય કરતા ગીરધરભાઇ રણછોડભાઇ પાટણવાડિયા અને માતા ઇન્દુબેનના પુત્ર દેવેન ગોવાની નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (NIT) ખાતે Ph.D. નો અભ્યાસ કરે છે.

દેવેન પાટણવાડિયાએ પોતાના મિત્ર કલ્યાણ કોલા સાથે મળી પોતાના પીએચ.ડી.ના રીસર્ચ કાર્ય ફિલોતાકી સીરીઝ લેઝડ રેકટેંગ્યુલર માઇક્રોચીપ એન્ટેનાની ડીઝાઇન સાથે નોમીનેટ થયેલ. આ એન્ટેના માટે તેઓએ પેટન્ટ પણ નોંધાવેલ છે. તેમજ ઇન્ટરનેશનલ સાત રીસર્ચ પેપર પણ બહાર પાડયા છે. આ એન્ટેના વ્હીકલ-ટુ વ્હીકલ કોમ્યુનિકેશન, ૫ જી કોમ્યુનિકેશન, બ્લુટુથ એપ્લીકેશન, સેટેલાઇટ એપ્લીકેશન અને ખાસ તો વાયરલેશ ટોલબુથ પર ખુબ જ ઉપયોગી થઇ શકે છે. આ એન્ટેના દ્વારા હાઇવે પરના ટોલબુથ પર ગાડીઓની નંબર પ્લેટ પરથી વાહનચાલકના બેંક એકાઉન્ટ મારફત ટોલટેક્ષ જમા થઇ જાય તેવી ડિઝાઇન બનાવેલી છે. જેનાથી સમય અને શકિતનો ખુબ જ બચાવ થાય છે.

ભારતના રાષ્ટ્રપતિભવન દિલ્હી ખાતે આ એવોર્ડ સમારંભ તા. ૬ જુલાઇ ૨૦૧૯ના રોજ યોજાયેલ અને ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકૈયાનાયડુજી, ડો. આર.કે. માશેલકર, ડો. હર્ષવર્ધન, પ્રો. અનિલ ગુપ્તા સાહેબની ઉપસ્થિતિમાં દેવેન ગીરધરભાઇ પાટણવાડીયાને એવોર્ડ આપવામાં આવ્યો.

શ્રી દેવેન પાટણવાડિયાના મોટાભાઇ સંદીપભાઇ સિવિલ એન્જિ. છે. બે ભાઇઓમાં નાના શ્રી દેવેન પાટણવાડીયાએ ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ, શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-રાજકોટ તથા પાટણવાડિયા પરિવારનું ગૌરવ વધારેલ છે. શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા તથા શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ રાજકોટના માનદમંત્રી રમણીકભાઇ પાટણવાડિયાએ અભિનંદન પાઠવેલ.

આ સફળતા બદલ દેવેન પાટણવાડિયા (NIT-ગોવા)ના ડાયરેકટરશ્રી પ્રો. ગોપાલ મુગેરીયા, ગાઇડ ડો. અર્નીબેન ચેટેજી(ડીપાર્ટમેન્ટ ઇસીજી) મિત્ર કલ્યાણ કોલા, પોતાના માતા-પિતા, પરિવાર મિત્રવર્તુળ અને સહાયક સૌ કોઇનો હૃદયથી આભાર વ્યકત કરેલ.

**(અહેવાલ : રમણીકભાઇ પાટણવાડિયા)**

# ગજજર સખી વૃંદ દ્વારા પર્યાવરણ જાગૃકતા અંગે યોજાઇ ગયેલ મિટીંગ



ગજજર સખી વૃંદ દ્વારા રાજકોટ દ્વારા તા. ૫-૭-૧૯ શુક્રવારના સાંજે રેસકોર્ષના કલ્પના ચાવડા ગાર્ડનમાં ઇવનીંગ ડબ્બા પાર્ટી યોજવામાં આવેલ. જેમાં પર્યાવરણ જાગૃકતા લાવવા પર્યાવરણ-વૃક્ષ ઉપર ૧૦ થી ૧૫ વાકયો લખવાનું કહયુંહતું. પરંતુ ૨૦ જેટલા બહેનો તો આખો નિબંધ લખી આવ્યા હતા અને આ નિબંધોનું મયુરીબેન ત્રેટીયાએ નિર્ણાયક તરીકે ફરજ બજાવી વિજેતા જાહેર કર્યા હતા. જેમાં પ્રથમ-માલતીબેન મેસવાણિયા, દ્વિતિય ઇલાબેન ગોવિંદીયા તથા તૃતિય હિનાબેન બકરાણિયા તથા ચોથા સ્થાને બે વિજેતા વર્ષાબેન રાણપરીયા તથા અરૂણાબેનનું કુંવારદીયા વિજેતા રહયા હતા.

આ મિટીંગમાં અંતાક્ષરી રમાડવમાં આવેલ તેમજ ભેગા કરેલા ચંપલના ઢગલામાંથી ચંપલ કપલની જોડી ગોતવાની રમત તેમજ એકસરખી ચિઠ્ઠી ગોતવાની શેરબજારની ગેઇમ રમાડવામાં આવેલ. આ બધી ગેઇમમાં એક થી ત્રણ વિજેતા બહેનોને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. અંતમાં ટીફીનમાંથી વાનગી આરોગી છુટા પડયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઇલાબેન ગોવિંદીયા, લતાબેન પિલોજપરા, જયોત્સનાબેન તલસાણિયા, પ્રમુખ રશ્મીબેન ખંભાયતા, મંત્રી વર્ષાબેન રાણપરીયા, આરતીબેન તલસાણિયા, શોભનાબેન ધ્રાંગધરિયા, વર્ષાબેન ગજજર, મીનાબેન વડગામા, પ્રજ્ઞાબેન પિલોજપરા, ડોલીબેન તલસાણિયા, ઉર્મિલાબેન ખંભાયતા, માલતીબેન મેસવાણીયા, કિરણબેન મહિધરીયા તથા દિવ્યાબેન ખંભાયતાએ જહેમત ઉઠાવી હતી.

- વર્ષાબેન રાણપરીયા

## વૃક્ષો છે તો જીવન છે



*ગજજર સખી વૃંદ દ્વારા યોજાયેલ પર્યાવરણ જાગૃત કાર્યક્રમ સ્થળે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થયેલ માલતીબેન મેસવાણિયાનો વૃક્ષો છે તો જીવન છે નિબંધ અહીં પ્રસિદ્ધ કરેલ છે.*

આ સૃષ્ટિના સર્જનહાર પરમાત્મા એક અદભૂત ચિત્રકાર છે. આ સૃષ્ટિમાં વૃક્ષો, પર્વતો, નદીઓ, ફુલો, પશુપંખીઓ વગેરેનું સર્જન કરી ઇશ્વરે પોતાની કલા કારીગરીના દર્શન કરાવ્યા છે.

જીવનના પ્રારંભકાળમાં મનુષ્ય વનવાસી હતો. કવિ જયંત પાઠકે એને વગડાનો શ્વાસ કહીને ઓળખાવ્યો છે.

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં
પહાડોના હાડ મારા પિંડમાં રે..
થોડો ધરતીમાં, થોડો આકાશમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.

શાંતિપૂર્ણ અને સ્વચ્છ જીવન જીવવા માટે સ્વચ્છ વાતાવરણ ખૂબ જરૂરી છે પરંતુ મનુષ્યોની બેદરકારીને લઇને આપણું પર્યાવરણ દિવસેને દિવસે બગડી રહયું છે.

આજે ગરમી વધુ તીવ્ર બની રહી છે. જંગલો ખતમ થઇ રહયા છે. સ્થિતિ સુધરવાને બદલે દિનપ્રતિદિન પર્યાવરણીય વૈશ્વિક કક્ષાની સમસ્યાઓ બની રહી છે. આ બગડતાં જત પર્યાવરણમાં લોકોમાં જાગૃતિ આવે તે માટે વર્ષ ૧૯૭૨થી સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા વિશ્વભરમાં પાંચ જુને વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે.

આપણે ખરેખર પર્યાવરણને બચાવીને માનવજાતને બચાવી શકીશું.

હે ભગવાન સારું છે કે માણસ પક્ષીની જેમ ઉડતો નથી નહીંતર ઉપર આકાશમાંથી કચરો નાખીને પર્યાવરણ બગાડી નાખત...

તો ચાલો આપણે બધા આજથી જ સંકલ્પ કરીએ કે પર્યાવરણને બચાવવા વધુ ને વધુ પ્રયત્ન કરીશું. વધુને વધુ વૃક્ષો વાવીશું.

વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. તેના પાન હવામાંના કાર્બન ડાયોકસાઇડનો ઉપયોગ કરી વનસ્પતિ માટે સ્ટાર્ચ બનાવે છે અને પ્રાણવાયુ મુકત કરે છે. આમ તે હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો આપણને મધ, લાખ, ગુંદર તેમજ કેટલીક ઔષધીઓ આપે છે.

વૃક્ષો ના હોય તો ધરતી વેરાન રણ જેવી બની જાય છે. વૃક્ષો જમીનનું પાણીથી થતું ધોવાણ અટકાવે છે. તે રણને આગળ વધતું અટકાવે છે. જયાં વૃક્ષો વધુ હોય એવા પ્રદેશોમાં વરસાદ વધુ પડે છે જેથી પાણીની હાલાકી ભોગવવી પડતી નથી. પુરતા વરસાદથી ખેતીના સારા પાક થઇ શકે.

વૃક્ષના છાયામાં પશુઓ અને વટેમાર્ગુઓને છાંયડો અને આરામ મળે છે. વૃક્ષો પર પંખીઓ માળો બાંધી રહી શકે છે. વૃક્ષો આપણને ફળફુલ આપે છે.

વૃક્ષોનો મહિમા ઘણો છે આપણે વૃક્ષોને બચાવીશું તો વૃક્ષો આપણને બચાવશે. ચાલો સખીઓ વર્ષાૠતુમાં આપણે સૌ જયાં તક મળે ત્યાં વૃક્ષો વાવીએ અને પર્યાવરણની રક્ષા કરીએ, આપણા દેશને પ્રદુષણ મુકત બનાવીએ.

**- માલતીબેન મેસવાણિયા**

# મહિલા જાગૃતિ સંસ્થા દ્વારા મહિલાઓને મળતા સરકારી યોજનાના લાભ અંગે માર્ગદર્શન અપાયું



શ્રી વિશ્વકર્મા મહિલા જાગૃતિ સંસ્થા-જામનગરની તાજેતરમાં જનરલ મિટીંગ મળેલ. જેમાં કોર્પોરેટર અલ્કાબા જાડેજાએ સરકાર દ્વારા અને મહાનગરપાલિકા દ્વારા બહેનોને મળતા લાભો અંગે જાણકારી આપી હતી અને આ સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિ જેવી કે સિવણ કલાસ, બ્યુટીપાર્લર, નર્સિંગ કોર્ષ, સિલાઇ મશીન વિતરણ તથા બહેનોને મુશ્કેલીમાં માર્ગદર્શન આપવામાં આ સંસ્થા આગવું સ્થાન ધરાવે છે તેમ જણાવ્યું હતું.

આ સાથે જ કરીયાણાની કીટ વિતરણ રાખવામાં આવેલ. કિટ વિતરણ અંગે દિલીપભાઇ ભારદીયાએ જણાવેલ કે, આ કરીયાણાનો માલ કંપનીમાંથી મંગાવીએ તેથી માલ ચોખ્ખો મળે અને રાહતભાવે કિટ આપવામાં આવે છે. કોઇપણ જાતના ભેદભાવ વગર બહેનોને આપીએ છીએ.

આ પ્રસંગે પધારેલા કોર્પોરેટર અલ્કાબા જાડેજા, રચનાબેન નંદાણીયા, રીટાબેન ઝીંઝુવાડીયા, ડિમ્પલબેન રાવલ, ભાવિકાબેન બારડ, ૧૮૧ની ટીમનાં ગીતાબેન તથા ઇલાબા આ દરેકનું સંસ્થાની બહેનો દ્વારા રૂમાલથી સન્માન કરવામાં આવેલ. આ મિટીંગમાં અંદાજે ૪૫૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો.આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રમુખ હીનાબેન અઘેડા, મંત્રી ભાવનાબેન વઘાડીયા, સહમંત્રી નિલમબેન વડગામા, ખજાનચી જાગૃતિબેન પેશાવરીયા, નિલાબેન ગોરેચા, ગીતાબેન અઘેડા, મીનાક્ષીબેન સુરેલિયા, દેવમણીબેન વડગામા, રંજનબેન ગોરેચા, લતાબેન ભટ્ટી તથા ઇલાબેન બોરાણીયાએ જહેમત ઉઠાવી હતી. મીટીંગનું સંચાલન દિલીપભાઇ ભારદીયા તથા ભાવનાબેન વઘાડીયાએ કર્યું હતું.

**- હિનાબેન અઘેડા**

## ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ દ્વારા એકઝીબીશન-સેલનું આયોજન

આપણા સમાજની બહેનો પોતાના ઇમીટેશન, કોસ્મેટીક, ડ્રેસ મટીરીયલ, હેન્ડલુમ, નોવેલ્ટી, હેન્ડીક્રાફટ તથા ગીફટ આર્ટીકલની કલા તથા કારીગરી રજુ કરી શકે તે માટે ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા એક એકઝીબીશન સેલનું આયોજન તા. ૨૯-૮-૧૯ થી ૩૧-૮-૧૯ ત્રણ દિવસ સવારે ૯ થી રાત્રિના ૯ સુધી શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિર, દિવાનપરા રોડ ખાતે કરવામાં આવેલ છે. આ આયોજન ફકત ગુર્જર સુતાર જ્ઞાતિની બહેનો માટે કરવામાં આવેલ છે. સ્ટોલ બુકીંગ વહેલો તે પહેલાના ધોરણે કરવામાં આવશે. આ માટે વિશ્વકર્મા મંદિર ફોન નં. ૦૨૮૧-૨૨૨૧૨૫૨ તથા ૨૨૨૨૪૪૫ તથા ધીરેન્દ્રભાઇ વડગામા મો. નં. ૯૯૨૪૧ ૦૬૫૯૬ પર કોન્ટેક કરવો. સ્ટોલ ફી ત્રણ દિવસની રૂા. ૧૫૦૦ રહેશે.

## સુથાર જ્ઞાતિના યુવક-યુવતીઓનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

સુથાર જ્ઞાતિના મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી યુવક-યુવતીઓ કે જેઓ દેશ કે દેશ બહાર વસતા હોયફ કુંવારા, વિધુર, છુટાછેડા, ત્યકતા કે શારીરિક ખોડખાપણ ધરાવતા તમામ ઉમેદવારો માટે જીવનસાથી પસંદગી મેળો દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ યોજાશે.પસંદગી મેળામાં ભાગ લેવા ઇચ્છા યુવક-યુવતીઓએ સુથાર સમાજ ગુજરાત, મરિમાતાનો ખાંચો, દાંડિયાબજાર ચાર રસ્તા, સુરસાગર સામે, વડોદરાથી પસંદગી મેળાના ફોર્મ મેળવી ભરી અને પરત કરવાના રહેશે.વધુ માહિતી કે માર્ગદર્શન માટે સંજયભાઇ ગજ્જર ફોન નં. ૦૨૬૫-૨૪૧૬૧૬૧ પર સંપર્ક સાધી શકાશે.

# વિશ્વકર્મા મહિલા ધુન મંડળ સુરેન્દ્રનગર દ્વારા એક માસ સુધી હિંડોળા સ્થાપન, વિશ્વકર્મા પુરાણ વાંચન તથા ધુનભજન યોજાયા





શ્રી વિશ્વકર્મા મહિલા મંડળ સુરેન્દ્રનગર દ્વારા અષાઢ વદ બીજના તા. ૧૮-૭-૨૦૧૯ના દિવસે શ્રી વિશ્વકર્મા પ્રભુજીના હિંડોળાની સ્થાપના કરવામાં આવી. વાજતે-ગાજતે શ્રી વિશ્વકર્મા પ્રભુની મૂર્તિ અને શ્રી વિશ્વકર્મા પુરાણની શોભાયાત્રા યોજાઇ. શ્રી વિશ્વકર્મા બાગ, રતનપર સુરેન્દ્રનગર ખાતે અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી એક માસ દરરોજ બપોરે ૩.૩૦ થી ૪.૩૦ શ્રી વિશ્વકર્મા પુરાણનું વાંચન કરવામાં આવેલ અને ૪.૩૦ થી ૫.૩૦ સુધી ધુન, ભજન અને આરતી પ્રસાદ કરવામાં આવે છે.

મહિલા મંડળ દ્વારા લગભગ નવ વર્ષ પહેલા દર પાંચમના દિવસે ધુન કરતા હતા પછી થોડા સમય બાદ હિંડોળાની શરૂઆત કરવામાં આવી અને છેલ્લા પાંચ વર્ષથી વિશ્વકર્મા પુરાણનું પણ વાંચન કરવામાં આવે છે. ભગવતીબેન ચંદુભાઇ જાદવાણી દ્વારા વિશ્વકર્મા પુરાણ રાગ-રાગિણીમાં વાંચવામાં આવે છે.

આ વર્ષે તા. ૦૪-૦૮-૨૦૧૯ને રવિવારના રોજ શ્રી રાંદલ ચરિત્ર તથા પુરાણ મહાત્મય રાખવામાં આવેલ છે જેના વકતા સંજયભાઇ તલસાણિયા તથા દિનેશ ગજજર હતા.

દર વર્ષે શ્રાવણ સુદ અગિયારના દિવસે અખંડધુન રાખવામાં આવે છે.

મહિલા મંડળ ખુબ જ ઉત્સાહથી આ તમામ કાર્યો કરે છે અને માત્ર ગુર્જર સુથાર સમાજના મહિલાઓ જ નહીં પરંતુ બીજા સમાજના મહિલાઓ પણ પોતાની હાજરી ઉત્સાહભેર આપે છે.

**(અહેવાલ : વિરાલી જાદવાણી)**

# શિવાંગી છનિયારાનું વધુ અભ્યાસ અર્થે વિદેશગમન



મોરબી નિવાસી શિવાંગી સંજયભાઇ છનિયારા મોરબી ખાતે ન્યુ એરા પબ્લીક સ્કુલમાંથી અંગ્રેજી મીડિયમમાં ધો. ૧૦ સુધી અભ્યાસ કરેલ. ત્યારબાદ ધો. ૧૧-૧૨ માટે એચ.એમ. પટેલ હાઇસ્કુલ, ધર્મજ, જી. આણંદ ખાતે અભ્યાસ કરેલ. ત્યારબાદ બી.એસ.સી. માટે વલ્લભવિદ્યાનગર ત્રણ વર્ષ અભ્યાસ કરેલ. વર્ષ ૨૦૧૭માં એસ્સાર રીફાઇનરી જામનગર ખાતે એક મહિનો એડવાન્સ ટેકનોલોજીમાં તાલીમ પૂર્ણ કરી આઇ સ્ટાર કોલેજ વલ્લભવિદ્યાનગર ખાતે એમ.એસસી. ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીનો અભ્યાસ પૂર્ણ કરી વધુ અભ્યાસ માટે તા. ૨૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ ટોરેન્ટો (કેનેડા) જઇ રહેલ છે. શિવાંગીને ખુબ ખુબ શુભેચ્છા...

# હિરેન ધારૈયા દ્વારા અબોલ પશુઓના લાભાર્થે 'એક શામ બેઝુબા કે નામ' મ્યુઝીકલ નાઇટ યોજાઇ

રાજકોટમાં સીએનસી-વીએમસીની ટ્રેઇનીંગ આપી અનેક યુવાનોને રોજગારી અપાવતા રહેલ હિરેન ધારૈયા દ્વારા જીવદયાના કાર્યરૂપે દામનગરમાં આવેલ જીવદયા નંદી ટ્રસ્ટી દ્વારા અબોલ પશુઓ માટે આવતા સેવા કાર્યને આર્થિક સહયોગ આપવાના હેતુથી એક શામ બેઝુબા કે નામથી મ્યુઝીકલ નાઇટનું આયોજન તા. ૧૭-૭-૧૯ બુધવારે રાત્રે રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે કરવામાં આવેલ.



આ કાર્યક્રમમાં મ્યુઝીક ડાયરેકટ રાજુ ત્રિવેદીના સંગીતના સથવારે જાણીતા ગાયક કલાકરો પ્લેબેક સીંગર જયંત ગજ્જર, વોઇસ ઓફ ગુજરાત મૌલિક ગજ્જર, વર્સેન્ટાઇલ સીંગર દીપ્તી ગજ્જર, હિતેષ ગજ્જર, કાજલ ગજ્જર, અતુલ ગજ્જર, વોઇસ ઓફ કુમાર સાનુ કમલ ગજ્જરે નવી જુની ફિલ્મનાં યાદગાર ગીતો રજુ કર્યા હતાં. આ પ્રસંગે વિવિધ અગ્રણીઓ તથા પ્રેક્ષકો પધાર્યા હતા અને આ જીવદયાના કાર્યમાં પોતાનો સહયોગ આપ્યો હતો અને કલાકારોને પણ પ્રોત્સાહિત કર્યા હતાં અને કાર્યક્રમ માણ્યો હતો. આ કાર્યક્રમમાંથી થયેલ ૧૦૦ ટકા આવક નંદી સેવા ટ્રસ્ટને અર્પણ કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન બિપીન વસાણીએ કર્યું હતું.










## ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

આજના સમયમાં આપણા પરિવારના અપરિણીત દિકરા-દીકરીઓને અનરૂપ પાત્રો શોધવામાં-સગપણ કરવામાં બહુ મુશ્કેલી પડી રહી છે. ત્યારે આ મુશ્કેલી હળવી કરવાના આશયથી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન પ્રથમવાર તા. ૮-૯-૧૯ને રવિવારના થઇ રહયું છે. આ સંમેલનમાં આપણા સમાજનાં કોઇપણ ગામ-શહેરનાં દિકરા-દીકરી ભાગ લઇ શકશે. આ માટે ફોર્મ વિશ્વકર્મા મંદિર ખાતેથી મેળવી અને તા. ૧-૯-૧૯ સુધીમાં પરત આપવામાં આવશે. નિયમો અને વધુ વિગત માટે વિશ્વકર્મા મંદિરની ઓફિસનો રૂબરૂ અથવા ફોન નં. ૦૨૮૧-૨૨૨૪૪૫ અથવા ૨૨૨૧૨૫૨ પર સંપર્ક કરવો.

## ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ દ્વારા અર્વાચીન રાસોત્સવનું આયોજન

શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ દ્વારા આગામી નવરાત્રિમાં ગુર્જર સુતાર જ્ઞાતિના જ ભાઇ-બહેનો માટે આસો સુદ-૧ તા. ૨૯-૯-૧૯ રવિવારથી આસો સુદ ને તા. ૭-૧૦-૨૦૧૯ સોમવાર સુધી અર્વાચીન રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

રાસોત્સવનું સ્થળ શ્રી સૌરાષ્ટ્ર હાઇસ્કુલ, કોટેચા ચોક, કાલાવડ રોડ ખાતે કરવામાં આવેલ છે. રાસોત્સવમાં ભાગ લેવા પાસનું રજીસ્ટ્રેશન શરૂ થઇ ગયેલ છે. શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિર, દિવાનપરા, શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ, ભકિતનગર સ્ટેશન પ્લોટ તથા શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-જુના જકાતનાકા પાસે, ગોંડલ રોડ રાજકોટ ખાતે સંપર્ક કરવો.

# મશીન ટુલ્સ મેન્યુ. એશો.ના નવા પ્રમુખ તરીકે યોગીનભાઇ છનિયારાની સર્વાનુમતે વરણી




રાજકોટ મશીન ટુલ્સ મેન્યુફેકચર્સ એસોસીએશનની સામાન્ય સભા તા. ૨૯-૬-૧૯ શનિવારે સાંજે ૬.૩૦ કલાકે કાલાવડ રોડ પરની હોટલ રીજેન્ટા ખાતે મળેલ છે. જેમાં એશોશીએશનની ચૂંટણી પ્રક્રિયા ચૂંટણી અધિકારીઓ પરાક્રમસિંહ જાડેજા (જયોતી સીનેઅસી) તથા ભરતભાઇ ખારેચા (એ.બી. મશીન ટુલ્સ) એ કરી હતી. ચૂંટણી માટેના ૧૧ સભ્યો માટેનાં ૧૫ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. બાદમાં ૪ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા હતાં. જેમને બાદમાં કો. ઓપ કરવામાં આવ્યા હતા.બાદમાં એશોશીએશનનાં હોદેદારોની સર્વાનુમતે વરણી ક્રવામાં આવેલ. જેમાં નવા પ્રમુખ તરીકે (૨૦૧૯-૨૦૨૧) યોગીનભાઇ છનિયારા (છનિયારા એન્જિ. પ્રા.લી.), ઉપપ્રમુખ તરીકે હરેશભાઇ પટેલ (સોલાર મશીન ટુલ્સ), સેક્રેટરી તરીકે તેજસ દુદકીયા(ડોવેલ મશીનરી પ્રા.લી.), જોઇન્ટ સેક્રેટરી તરીકે દેવલ ઘોરેચા(એકયુરેટ મશીન ટુલ્સ) અને ટ્રેઝરર તરીકે જનકસિંહ ગોહીલ (તારક મશીન ટુલ્સ)ની નિમણુંક કરવામાં આવેલ. (૧) સચીન નગેવાડીયા (મશીનીંગ સીસ્ટમ) (૨) બ્રીજેશ શાપરીયા (જામનગર મેન્યુ.) (૩) કરણ પરમાર (એકયુરેટ ઇન્ડ.) (૪) પિયુષ ડોડીયા (ભગવતી એન્જિ.) (૫) અશ્વિન કવા (શૈલેષ મશીન ટુલ્સ) (૬) કેતન ગજેરા (એકોર્ડ એન્જિ. કોર્પોરેશન), (૭) જીતેન રવાણી (ભાવેશ એન્જિ. વર્કસ) (૮) બીપીનભાઇ સીદ્ધપુરા (સીદ્ધપરા મશીન્સ), (૯) રાજેશ ડોડીયા (રાધેશ્યામ ઇન્ડસ્ટ્રીઝ) તથા (૧૦) ઘનશ્યામ પરમાર (ગણેશ ક્રેઇન્સ).

આ સાધારણ સભામાં એશોશીએશનનાં સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. સભાનું સંચાલન દેવલભાઇ ઘોરેચોએ કર્યું હતું.

# હસમુખભાઇ ધ્રાંગધરિયાના નિવાસસ્થાને કુળદેવીનો નવચંડી યજ્ઞ યોજાયો





રાજકોટમાં અલ્કા સોસાયટી-૨ મવડી રોડ ખાતે રહેતા હસમુખભાઇ છગનભાઇ ધ્રાંગધરિયા (ખાંભાવાળા)ના નિવાસસ્થાને તા. ૧૪-૭-૧૯, રવિવારે ધ્રાંગધરિયા પરિવારનાં કુળદેવી ચામુંડા માતાજી તથા બહુચરાજી માતાજીનો નવચંડીયજ્ઞનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે સવારે ૭ કલાકે યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યજ્ઞમાં સાતક તરીકે શ્રીમતી ઉર્મીલાબેન તથા હસમુખભાઇ બેઠા હતાં. બપોરે ૧૨.૩૦ કલાકે ઉપસ્થિત ધ્રાંગધરિયા પરિવારના પરિવારજનોની હાજરીમાં બીડુ હોમાયેલ. આ યજ્ઞમાં દરેક પવિરજનોને આહુતિ આપવાનો લાભ આપવામાં આવેલ. આ પ્રસંગે રાજકોટ ઉપરાંત અમદાવાદ, વડોદરા, મુંબઇ, મોરબી, વાંકાનેર તથા ગ્રામ્ય વિસ્તારમાં ધ્રાંગધરિયા પરિવારના પરિવારજનો હાજર રહયા હતાં અને બપોરે લગભગ ૪૭૫ જેટલા પરિવારજનોએ પ્રસાદ લીધો હતો.

# સદભાવના વૃદ્ધાશ્રમને મીનાબેન કે. ખંભાયતા (ડુનેક્ષ) દ્વારા અઢી લાખનું અનુદાન



માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા સાડા ચાર વર્ષથી સદભાવના વૃદ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. જેમાં ૬૦ વર્ષથી મોટી ઉંમરના અને જેનુ કોઇ નથી એવા વડીલોને કોઇપણ જાતના નાત-જાતના ભેદભાવ વગર ઘરની જેમ રાખવામાં આવે છે. એટલું જ નહીં પથારીવશ તથા અંધ વૃદ્ધો માટે ખાસ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ સુવિધાઓ વિનામુલ્યે અપાય છે. વૃદ્ધાશ્રમમાં દાખલ થતા વૃદ્ધો પાસેથી કોઇપણ પ્રકારનું ડોનેશન ફી, કે લવાજમ ચાર્જ લેવામાં આવતો નથી. ૧૫૦ ફૂટના રોડ પર શીતલ પાર્કમાં તો વૃદ્ધાશ્રમ ચાલે જ છે પરંતુ સ્વ. મોહનભાઇ આંબાભાઇ પીપળીયાએ ગોંડલ રોડ, ડી માર્ટ પાસેનું કરોડોની કિંમતનું પોતાનું બિલ્ડીંગ આ સંસ્થાને સોંપ્યા બાદ સંસ્થાએ અદ્યતન કહી શકાય તેવા વૃદ્ધાશ્રમનું અહીં નિર્માણ કર્યું છે અને આ નવી જગ્યાએ પણ વૃદ્ધાશ્રમ શરૂ કરી દેવામાં આવ્યું છે.

સંસ્થાની પ્રવૃત્તિ નિહાળી દાતાઓ પોતાનું આર્થિક યોગદાન સંસ્થાને આપતા રહયા છે. તાજેતરમાં મીનાબેન કિશોરભાઇ ખંભાયતા (ડુનેક્ષ)એ પણ આ સંસ્થાને રૂા. અઢી લાખનું અનુદાન અર્પણ કર્યું હતું. આ પ્રસંગે કિશોરભાઇ ખંભાયતા, કેતન ખંભાયતા, સુર્યકાંતભાઇ વડગામા ઉપસ્થિત રહયા હતા. ટ્રસ્ટી ધીરેન્દ્રભાઇ કાનાબારએ આ ચેક સ્વીકાર્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટી સુધીર શાહ, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જર પણ ઉપસ્થિત રહયા હતા. સંસ્થાના પ્રમુખ વિજયભાઇ ડોબરીયાએ સંસ્થાને અનુદાન આપવા બદલ આભારની લાગણી પ્રદર્શિત કરી હતી.

## વિશ્વકર્મા બાગ (મુંબઇ) દ્વારા તા. ૧૫ ઓગસ્ટના રોજ ગુણ ગૌરવ ઇનામ વિતરણ સમારોહનું આયોજન

શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ (મુંબઇ) દ્વારા તા. ૧૫ ઓગસ્ટનાં રોજ બપોરે ૩ કલાકે વિલેપાર્લે ખાતે આવેલ વિશ્વકર્મા બાગ ખાતે ધો. ૧ થી કોલેજ સુધીના શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિએને વધાવવા અને પ્રોત્સાહન આપવા ગુણ ગૌરવ ઇનામ વિતરણ સમારોહ યોજાયો છે. આ કાર્યક્રમની સાથે લાઇફ કોચ સ્નેહ દેસાઇ દ્વારા પ્રસ્તુત મોટીવેશનલ સેમીનારનું પણ આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પંકિતભાઇ જમનભાઇ ગજ્જર (વિશ્વ પોલીમર્સ-સીલવાસ) તથા મહેમાન તરીકે શૈલેષભાઇ શામજીભાઇ ઘોરેચા (પ્રમુખ-શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-વડોદરા) રહેશે. આ કાર્યક્રમનું આયોજન ટ્રસ્ટ કમિટી (૨૦૧૮-૨૦૨૧) પ્રમુખ-પંકજભાઇ ભેંસાણીયા, ઉપપ્રમુખ રસીકભાઇ વઘાડીયા, મંત્રી-હર્ષદભાઇ ગજ્જર, ખજાનચી-નરેન્દ્રભાઇ વડગામા, સહમંત્રી-જયંતભાઇ જોલાપરા, ટ્રસ્ટી-પ્રાણલાલભાઇ મહીધરીયા તથા ઇન્ટરનલ ઓડીટર-મનીષભાઇ છનિયારા કરી રહયા છે. કાર્યક્રમનાં અંતે સૌ સાથે ભોજન લેશે.

## વિશ્વકર્મા બાગ (મુંબઇ)ના આગામી કાર્યક્રમો

### અનોખી-૩(એકઝીબીશન કમ સેલ)

બહેનોની પ્રતિભાઓનો પરિચય કરાવતા આયોજન 'અનોખી' (એકઝીબીશન કમ સેલ)નું આયોજન આગામી તા. ૨૧-૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ શનિ-રવિવારનાં સવારે ૧૦ થી રાત્રે ૮ સુધી કરવામાં આવેલ. સ્ટોલ બુકીંગ તા. ૫ થી ૧૫ સપ્ટેમ્બર સુધી કરવામાં આવશે. વધુ માહિતી માટે વિશ્વકર્મા બાગ ઓફિસમાં સંપર્ક કરવો.

## પરિચય મિલન સંમેલન

આપણી જ્ઞાતિના વેવિશાળ યોગ્ય યુવક-યુવતીઓને પોતાનું મનગમતું પાત્ર મેળવવા આપણી જ્ઞાતિમાંથી જ વિશાળ પસંદગી મળે એ હેતુથી પરિચય મિલન સંમેલનનું આયોજન તા. ૧૩ ઓકટોબર, ૨૦૧૯, રવિવારે સવારે ૧૦ કલાકે વિશ્વકર્મા બાગ મુંબઇ ખાતે કરવામાં આવેલ છે. સંમેલનમાં ભાગ લેવા માટે ફોર્મ ભરીને સંસ્થાની ઓફિસમાં પહોંચાડવું. શરદપૂર્ણિમાં રાસોત્સવનું આયોજન તા. ૧૩ ઓકટોબર ૨૦૧૯ સાંજે ૫ કલાકે વિશ્વકર્મા બાગ ખાતે કરવામાં આવેલ છે.

# શ્રાવણ મહિના નિમિત્તે ફરાળી વાનગીઓ

શુભદા ભટ્ટી



## (૧) ફરાળી આલુ પેટીસ ચાટ

**સામગ્રી :**

- બાફેલા બટાકા - ૨ નંગ
- જીણા સમારેલા લીલા મરચા - ૧ મોટી ચમચી
- જીણી સુધારેલ કોથમીર - ૧ મોટી ચમચી
- ખજુર-આંબલીની ચટણી - જરૂર પ્રમાણે
- કોથમીર-મરચાની ચટણી - જરૂર પ્રમાણે
- મોળુ દહીં - જરૂર પ્રમાણે
- સંચળ પાવડર - સ્વાદ પ્રમાણે
- મીઠુ - સ્વાદ પ્રમાણે
- ગરમ મસાલો - ૧ મોટી ચમચી
- લાલ મરચુ પાવડર - જરૂર પ્રમાણે
- શેકેલો જીરા પાવડર - જરૂર પ્રમાણે
- ફરાળી ચેવડો - ૧/૨ વાટકો
- તેલ - જરૂર પ્રમાણે
- આમચુર પાવડર - ૧/૨ ચમચી

**બનાવવાની રીત :**

સૌ પ્રથમ એક બાઉલમાં બાફેલા બટાકાનો માવો કરો. હવે તેમાં લીલા મરચા, કોથમીર, મીઠુ, ગરમ મસાલો, આમચુર પાવડર ઉમેરીને બરાબર મિકસ કરી લો. હવે તેમાંથી પેટીસ બનાવીને શેલો ફ્રાય કરો અને જરૂર પ્રમાણે તેલ ઉમેરતા જવું. પેટીસ તૈયાર થાય એટલે સર્વિંગ પ્લેટમાં કાઢી લેવી.

તૈયાર પેટીસ ઉપર પહેલા ખજુર-આંબલીની ચટણી, કોથમીર-મરચાની ચટણી, ફરાળી ચેવડો, તેના પર દહીં ઉમેરીને ઉપરથી સંચળ પાવડર, લાલ મરચુ પાવડર, જીરા પાવડર ઉમેરો.

❖ ❖ ❖

## (૨) ફરાળી રાજગરાનો મગસ

**સામગ્રી :**

- રાજગરાનો લોટ - ૩/૪ વાટકો
- શીંગોડાનો લોટ - ૧ વાટકો
- દળેલી ખાંડ - ૧/૨ વાટકો
- ઘી - ૩/૪ વાટકો
- ઇલાચી પાવડર - ૧ મોટી ચમચી
- બદામ/પિસ્તાની કતરણ - ૨ થી ૩ મોટી ચમચી

**બનાવવાની રીત :**

એક નોનસ્ટીક વાસણમાં પહેલા ઘી ઉમેરો. ઘી ગરમ થાય એટલે તેમાં રાજગરાનો અને શીંગોડાનો લોટ ઉમેરીને ધીમા ગેસે સતત હલાવતા રહો. ૧૦-૧૨ મિનિટ સુધી.

લોટ શેકાય જાય એટલે ગેસ બંધ કરીને તરત જ તેમાં દળેલી ખાંડ અને ઇલાચી પાવડર ઉમેરો. અને બરાબર મિકસ કરી લેવું.

તૈયાર મિશ્રણને ઘી લગાડેલી થાળીમાં ઉમેરી અને તેના પર બદામ/પિસ્તાની કતરણ ઉમેરો.

આ મિશ્રણને ૬ થી ૭ કલાક માટે ઠંડુ થવા દેવું.

❖ ❖ ❖



## (૩) હરિયાળી સાબુદાણા ખીચડી

**સામગ્રી :**

- પલાળેલા સાબુદાણા - ૧/૨ વાટકો
- જીણી સુધારેલ કોથમીર - ૧/૨ વાટકો
- લીલા મરચા - ૩ થી ૪ નંગ
- શેકેલી શીંગના દાણા - ૩ થી ૪ મોટી ચમચી

- લીમડાના પાન - ૨૦ થી ૨૨
- આખુ જીરૂ - ૧ મોટી ચમચી
- લીંબુનો રસ - ૧ મોટી ચમચી
- ખાંડ - ૧/૨ ચમચી
- મીઠુ - સ્વાદ પ્રમાણે
- તેલ - ૧ મોટી ચમચી

**બનાવવાની રીત :**

સૌ પ્રથમ સાબુદાણા પલળી જાય પછી તેને સુકા કરી દેવા.એક મિશ્રર જારમાં કોથમીર, લીલા મરચા અને લીમડાના પાન ૧૦ થી ૧૨ નંગ લેવા અને તેની પેસ્ટ બનાવી લેવી.

એક કડાઇમાં તેલ લો પછી તેમાં આખુ જીરૂ અને લીમડાના પાન ઉમેરો. હવે તેમાં શીંગદાણા ઉમેરીને ૧-૨ મિનિટ સેકો.

હવે તેમાં બનાવેલ પેસ્ટ ઉમેરો અને તેને ૧-૨ મિનિટ સાંતળવી પછી તરત જ તેમાં પલાળેલા સાબુદાણા ઉમેરો, મીઠુ, લીંબુનો રસ અને ખાંડ ઉમેરીને બરાબર મિકસ કરી લો.

ઉપરથી કોથમીર ઉમેરીને ગેસ બંધ કરી દો.

આ ખિચડીની સાથે દહીં પીરસતા સ્વાદ સરસ લાગે છે.

❖ ❖ ❖



## (૪) ફરાળી આલુ પરોઠા

**સામગ્રી :**

- બાફેલા બટાકા - ૧/૨ વાટકો
- રાજગરાનો લોટ - ૧ વાટકો
- જીણા સુધારેલા મરચા - ૩ થી ૪ નંગ
- જીણી સુધારેલ કોથમીર - ૨ મોટી ચમચી
- ગરમ મસાલો - ૧ મોટી ચમચી
- આમચુર પાવડર - ૧/૨ ચમચી
- દળેલા ખાંડ - ૧/૨ ચમચી
- મીઠુ - સ્વાદ પ્રમાણે
- તેલ - જરૂર પ્રમાણે

**બનાવવાની રીત :**

એક બાઉલમાં બટાકાનો માવો લો. તેમાં રાજગરાનો લોટ મરચા, કોથમીર, ગરમ મસાલો, આમચુર, ખાંડ, મીઠુ, ૧ ચમચી તેલ ઉમેરીને લોટ બાંધો.

લોટમાં જરૂર પડે તેમ ધીરે ધીરે પાણી ઉમેરો. લોટ થોડો કઠણ રાખવો. પછી લોટ બંધાય એટલે તેલથી ચીકવી દો.

હવે તેમાંથી મીડિયમ સાઇઝના ગુંડલા બનાવીને રાજગરાના લોટનું અટાજણ લઇને પરોઠા વણી લો.

લોઢી પર તેલની મદદથી આછા ગુલાબી રંગના થાય ત્યાં સુધી શેકી લો.

❖ ❖ ❖

## (૫) ફરાળી ડોનટ

**સામગ્રી :**

- રાજગરાનો લોટ - ૨૦૦ ગ્રામ
- બાફેલા બટાકા - ૩ નંગ
- પલાળેલા સાબુદાણા - ૨ મોટી ચમચી
- જીણા સુધારેલ લીલા મરચા - ૨-૩ મોટી ચમચી
- જીણી સુધારેલ કોથમીર - ૨ મોટી ચમચી
- સફેદ તલ - ૫-૬ મોટી ચમચી
- શીંગનો ભુકકો - ૨ મોટી ચમચી
- આમુચર પાવડર - ૧ મોટી ચમચી
- દળેલી ખાંડ - ૧/૨ ચમચી
- મીઠુ - સ્વાદ પ્રમાણે
- તેલ તળવા માટે - જરૂર પ્રમાણે
- ક્રશ કરેલુ આદુ - ૧ મોટી ચમચી

**બનાવવાની રીત :** એક બાઉલમાં ઉપરની બધી જ સામગ્ર લઇને મિકસ કરો જરૂર પડે તો પાણી ઉમેરતા જાવુ. હવે તેનો લોટ કઠણ બાંધવો.હવે તેમાંથી ડોનટ બનાવવાના છે, નાનુ ગુંડલુ લઇને આંગળીથી નાનુ કાણુ પાડવુ અને તેને તલમાં રગદોળીને તેલમાં ડીપ ફ્રાય કરવા. ગોલ્ડન બ્રાઉન કલરના થાય ત્યાં સુધી આ ડોનટને ચમચીની મદદથી તેલમાં ઉમેરવા જેથી સરળ રહે. આ ફરાળી ડોનટને દહીં અથવા લીલી ચટણી સાથે સવ કરવા.



## સંપાદકની વાત...



વહાલા – ભૂલકાઓ – મજામાં ?


આ અંકમાં દર અંકની જે બાળવાર્તા, બાળ કાવ્ય, જાણવા જેવું, પ્રેરક પ્રસંગ, વડીલો સાથે વાત વિ. લઇને આવ્યા છીએ.

ઓગસ્ટ માસ એટલે આ માસમાં આપણો સ્વાતંત્ર્ય દિવસ આવશે. ૧૫મી ઓગસ્ટ. ધ્વજવંદનવિધિ વિ. કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રીય પર્વ ઉજવાશે. સાથે તે જ દિવસે આપણો ધાર્મિક તહેવાર રક્ષાબંધન છે. બહેન ભાઇની રક્ષા અને ભાઇ માટે ખુબ પ્રગતિકારક બને તેવી પ્રાર્થના સાથે રાખડી બાંધશે. ભાઇ–બહેનના હેતનો પવિત્ર તહેવાર. પવિત્ર શ્રાવણ માસ પણ ચાલી રહયો છે. મેળાની રાહમાં પણ હશો. ખરું ને ?

- સંપાદક (મો. ૯૯૭૯૨ ૩૭૨૫૯)

# ટેડી ને વાંદરાની વાર્તા (બાળવાર્તા)

- હસમુખ બોરાણિયા



નાનકડી રીષિકા દાદીમા રેખાબહેન પાસેથી દરરોજ વાર્તા સાંભળે. એક દિવસ રીષિકાએ કહયું, હું વાર્તા કહું ? દાદીમાએ નવાઇ પામતા કહયું, હા. રીષિકાએ કહેલી બાળવાર્તા માણીએ.

અમે ફલેટમાં રહીએ છીએ. આસપાસમાં ઘણા બધા ઝાડ છે. ઘણીવાર વાંદરાઓનું ટોળુ પણ આવી ચડે. સાથે નાના બચ્ચાં પણ હોય.

એક દિવસ શું થયું ખબર છે ? ચાર-પાંચ વાંદરા અમારા રસોડામાં ઘુસી ગયાં. રસોડામાં પડેલાં બટાકા, કેળાં ઉપાડીને પાછાં ભાગી ગયા.

મમ્મી દોડયાં પણ વાંદરા તો વાંદરા ! હુપાહુપ કરીને સીધા સામેના ઝાડ પર ! ત્યાં બેસીને બટાકાં, કેળા ખાવા લાગ્યાં.

હું બધું જોતી હતી. ત્યાં મારી નજર ઝાડ પર પડી. બે વાંદરા મારા ટેડીથી રમતા હતાં. અરે ! મારું ટેડી પણ લઇ ગયા ?

એક વાંદરાએ ટેડીનો હાથ પકડેલો. બીજાએ પણ પકડેલો. બંને ખેંચાખેંચ કરે. ત્રીજો ટેડીને બટાકું. ખવડાવવા મથતો હતો. અરે ! ટેડી ખાઇ શકે કંઇ ?

વાંદરાનાં ટોળાં તોફાને ચડયાં. કોઇએ વાંદરાને ભગાડવા ફટાકડા ફોડયા. વાંદરાં ભાગ્યાં. મારા ટેડીનો ઘા કર્યો. ટેડી નીચે પડયું. મમ્મી દોડીને ટેડી લઇ આવી. ટેડીને સાફ કરી મને આપ્યું. હું ટેડીથી રમવા માંડી. આવું થયું બોલો !


દાદીમા રેખાબહેને ધીમેથી પૂછયું, હવે વાંદરાં નથી આવતાં ? તો રીષીકા બોલી, આવે તો છે. હવે અમે જાળી નંખાવી દીધી છે ને એટલે ફલેટમાં ઘુસી નથી શકતાં.

## થોડીવાત વડીલો સાથે...

આપણા પીઢ બાલસાહિત્યકાર યશવન્ત મહેતાએ વાસણા ગ્રંથ મંદિરમાં ગોઠડી ટોકમાં વાત કરી કે, છકો-મકો, મિયા ફુસકીનું સ્થાન હવે સ્પાઇડરમેને લીધું છે મને યાદ છે કે અમે પેપરમાં ગાંઠિયા ખાધા પછી જે તે પેપરની હેડલાઇન વાંચી જતાં ભલે એ ખાવાનું પડીકું હોય પણ તેમાં શું લખેલું છે તે વાંચવાની ઇંતજારી રહેતી. આજે ૧૦૦માંથી ૯૧ બાળકો આવા પેપરથી દૂર છે કેમ કે તેમના હાથમાં મોબાઇલ આવી ગયા છે. તેમને સુપરમેન અને બીજી ગેમ્સ રમવામાં જ રસ છે. એટલે વાચન છૂટી ગયું, ગુજરાતી ભાષાથી વિમૂખ થઇ ગયા છે. મોબાઇલની આભાસી દુનિયાથી પોતાના બાળકોને જેટલા દૂર રાખશો તેટલું તેમના માટે ફાયદાકારક છે.

**સૌજન્ય : સિટી ભાસ્કર**

## પ્રેરક પ્રસંગ



એકવાર એક છોકરો સ્કુલમાંથી વર્ગશિક્ષકનો પત્ર લઇને પોતાને ઘેર આવ્યો. તે પત્રમાં લખ્યું હતું : તમારો દીકરો મંદબુદ્ધિનો છે એટલે મહેરબાની કરી તેને સ્કુલમાંથી ઉઠાડી દઇ ધંધે લગાડી દેશો એ ભણી શકે એમ જણાતું નથી.

એ પત્ર વાંચતાની સાથે માતાની આંખમાં આંસુ આવી ગયા. તેણે દીકરાના માથા પર હાથ ફેરવતાં કહયું, ભલે સ્કુલવાળા તને ન ભણાવે, પણ હું તને ભણાવીશ. માતાએ પોતાના દીકરાને પુરી ખંત અને ધીરજથી ભણાવ્યો. છેવટે માની મમતા અને મહેનત સફળતામાં પરિણમી. મોટો થઇને દીકરો વિશ્વનો મહાન વૈજ્ઞાનિક બન્યો. એનું નામ થોમસ આલ્વા એડિસન.

**- કિશોર રાણી.(સૌજન્ય : સ્ત્રી)**

## એક વિચાર :

બાળક એ પરમાત્મા એ માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે.

**- ગિજુભાઇ બધેકા**

## જાણવા જેવું



૧) એક અંશ રેખાંશ એટલે ૪ મિનિટ.
૨) સૌથી લાંબી નદી નાઇલ નદી છે.
૩) સૌથી મોટું રણ સહરા છે.
૪) સૌથી નાનો દેશ વેટિકન સીટી છે.
૫) સમુદ્રની ઉંડાઇ ફેધમમાં મપાય છે.

## બાળગીત

### સસલું



એક સસલુ એવું છે,
રૂ જેવું પોચું છે.
કૂદાકૂદ કરે છે,
ઝાડીમાં સંતાય છે,
લીલું ઘાસ ખાય છે
બચ્ચાં ને સમજાવે છે,
તાજામાજા થાય છે... એક સસલું.
દોડે છે ને કૂદે છે
ઉભું થઇને જુએ છે,
લાલ આંખ રાખે છે
ફફડી ફફડી જીવે છે.
કાન ઉંચા રાખે છે,
સૌને વહાલું લાગે છે... એક સસલું

**- કવિ : ભરત પાઠક 'નયન'**
**સૌજન્ય : ચકલી કોઇને ભાવે નહીં.**

## હસી લઇએ...

બા, ડુંગળી અને સાબુને કંઇ સંબંધ ખરો ? બાળકનો પ્રશ્ન.


કેમ ? બા એ પૂછયું.

એ બેય મારી આંખોમાં બળતરા કરે છે. બાળકનો જવાબ.

**સૌજન્ય : બાલને કરીએ વહાલ.**

# વિશ્વકર્માં વિશ્વ

## લવાજમમાં ૫૦ રૂા.નો નજીવો વધારો




કલા-કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા મેગેઝીનનો પ્રોડકશન ખર્ચ પ્રતિદિન વધતો જાય છે. વિશ્વકર્મા વિશ્વનું વાર્ષિક લવાજમ નવેમ્બર-૨૦૧૩માં ૨૫૦ કર્યા બાદ છેલ્લા છ વર્ષમાં કાગળના ભાવમાં ૧૦૦ ટકા જેટલો વધારો થયો છે. સાથોસાથ અન્ય પ્રોડકશન ખર્ચ પણ દિનપ્રતિદિન વધતો જતો હોવાનું ધ્યાનમાં લઇને વિશ્વકર્મા વિશ્વનું વાર્ષિક લવાજમ ૫૦૦ રૂા. કરીએ તો પણ પરવડે નહીં પરંતુ વિશ્વકર્મા વિશ્વનો લાભ છેવાડાનો માનવી વધુને વધુ લઇ શકે તે ધ્યાનમાં રાખી લવાજમ વધુ વધારવાને બદલે જુલાઇ-૧૯થી વિશ્વકર્મા વિશ્વના વાર્ષિક લવાજમમાં ૫૦ રૂા. જેવો નજીવો વધારો કરી વાર્ષિક લવાજમ ૨૫૦ને બદલે ૩૦૦ કરવાની નાછૂટકે ફરજ પડી છે. જેની ગ્રાહકોએ ખાસ નોંધ લેવા વિનંતી.

## હવે કુરીયર દ્વારા પણ વિશ્વકર્મા વિશ્વ મેળવો

વિશ્વકર્મા વિશ્વ દર મહિને ૧૦ તારીખે પોસ્ટમાં રવાના કરાય છે. ત્યારબાદ ૨૦ તારીખે તમામ ગ્રાહકોને એસએમએસ કરી અંક ન મળ્યો હોય તો તુરંત એસએમએસ કે ફોન દ્વારા (કસ્ટમર કેર - મો. ૯૪૨૬૨ ૨૯૫૬૫) જાણ કરવાનું કહેવાય છે. આવો મેસેજ મળતા જ અમે બીજો અંક રવાના કરીએ છીએ. પરંતુ કેટલાક ગ્રાહકો દ્વારા કુરીયર ચાર્જ લઇ કુરીયર દ્વારા અંકો મોકલવા માંગણી કરતા હોવાનું ધ્યાનમાં લઇ જુલાઇ-૧૯થી કુરીયર દ્વારા પણ વિશ્વકર્મા વિશ્વ મોકલવાની વ્યવસ્થા ગોઠવાઇ છે. લવાજમ ઉપરાંત કુરીયરનો વધારાનો ચાર્જ ગ્રાહકોએ આપવાનો રહેશે જે નીચે પ્રમાણે રહેશે.

**કુરીયર ચાર્જ**

રાજકોટ શહેરના ગ્રાહકો માટે ..... ૧૦૦ રૂા.
સૌરાષ્ટ્રના ગ્રાહકો માટે ........... ૧૫૦ રૂા.
ગુજરાતના ગ્રાહકો માટે .......... ૨૦૦ રૂા.
ગુજરાત બહારના રાજ્ય માટે .... ૩૦૦ રૂા.

# સમસ્ત વિશ્વકર્મા સમાજ મેરેજ બ્યુરો

## યુવકોની વિગત :

અટક : ગજ્જર, (મલેશિયા સ્થિત), ઉંચાઇ : ૫'૫'', જન્મ તારીખ : ૨૮-૮-૧૯૮૫, અભ્યાસ : આઇડીજીએટી વાર્ષિક આવક : ૪,૮૦,૦૦૦

અટક : ગજ્જર, અમદાવાદ, ઉંચાઇ : ૫'૪'', જન્મ તારીખ : ૨૨-૬-૧૯૮૩, અભ્યાસ : એમ.કોમ., વાર્ષિક આવક : ૬ લાખ

અટક : પંચોલી, અમદાવાદ, ઉંચાઇ : ૬'૦'', જન્મ તારીખ : ૪-૪-૯૨, અભ્યાસ : બી.ઇ. કોમ. Puter Engi, વાર્ષિક આવક : ૪,૨૦,૦૦૦

અટક : મેવાડા, અમદાવાદ ઉંચાઇ : ૫'૭'', જન્મ તારીખ : ૭-૧-૧૯૯૩, અભ્યાસ : બી.ઇ. આઇ.ટી., વાર્ષિક આવક : ૨૪,૦૦,૦૦૦

અટક : વડેચા, અમદાવાદ, ઉંચાઇ : ૫'૭'', જન્મ તારીખ : ૩૦-૫-૯૧, અભ્યાસ : બી.કોમ, વાર્ષિક આવક : ૬,૦૦,૦૦૦

અટક : વડગામા, અમદાવાદ, ઉંચાઇ : ૫'૮'', જન્મ તારીખ : ૫-૨-૮૯, અભ્યાસ : બીએ એન્ડ વેબ ડીઝાઇન, વાર્ષિકઆવક : ૬,૦૦,૦૦૦

અટક : પંચાલ, બાવળા, ઉંચાઇ : ૫'૮'', જન્મ તારીખ : ૨૨-૧-૯૫, અભ્યાસ : બી.ફાર્મ, વાર્ષિક આવક : ૩,૦૦,૦૦૦

## યુવતીઓની વિગત :

અટક : પંચાલ, ઉંચાઇ : ૫'૪'', જન્મ તારીખ : ૪-૧-૯૭, અભ્યાસ : એમબીએ

અટક : ગજ્જર, ઉંચાઇ : ૫'૧', જન્મ તારીખ : ૨૫-૧૨-૮૪, અભ્યાસ : એમ.પીટી.

અટક : પંચાલ, ઉંચાઇ : ૫'૪' જન્મ તારીખ : ૧૭-૯-૯૦, અભ્યાસ : એમ.એસસી. બી.એડ., વાર્ષિક આવક : ૩,૬૦,૦૦૦.

અટક : સૌરાષ્ટ્ર સુથાર, ઉંચાઇ : ૫'૩'', જન્મ તારીખ : ૨૫-૦૭-૧૯૯૦, અભ્યાસ : એમ.એસી.બી.એડ., વાર્ષિકઆવક : ૩,૬૦,૦૦૦.


**: આપની સંપૂર્ણ વિગત માટે ફોન કરો :**
**હસમુખ વડગામા - ૯૮૨૪૧ ૮૨૯૦૧**
**વિશાખા ગજ્જર - ૯૮૭૯૮ ૮૨૯૦૧**

**જી-૨, શ્રીજી એપાર્ટમેન્ટ, નેશનલ હેન્ડલુમ પાસે, લો ગાર્ડન, એલસીબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૯.**

ગુર્જર, સુથાર, મેવાડા, વૈશ્ય, લુહાર સુથાર, પંચાલ, પંચોલી ગુજરાતી સુથાર, યુવક-યુવતી, વિધવા-છુટાછેડા, કુંવારા ભણેલા-ઓછુ ભણેલા બાયોડેટા આવકાર્ય

**આપની સંપૂર્ણ વિગત તથા ફોટોગ્રાફ મોકલી જીવનસાથીની પસંદગી મેળવો.**

# સ્વજનોને સ્મૃતિ ભેટ આપવા માટે અનોખા પુસ્તકો




શુભ અથવા
ધાર્મીક પ્રસંગોએ પણ
ભેટ આપી શકાય
તેવા અનોખા પુસ્તક




## મારા દાદા શ્રી વિશ્વકર્મા

વિશ્વકર્મા પુરાણ સંક્ષિપ્તમાં
(પાના : ૮૪, કિંમત માત્ર ૮૦ રૂા.)

## સળવળાટ

જીવનમાં નવી તાજગીનો
સળવળાટ કરાવશે આ પુસ્તક
(પાના : ૬૮, કિંમત માત્ર ૭૦ રૂા.)

૫૦થી વધુ પુસ્તક રાહત ભાવે મળશે... પુસ્તક મેળવવા સંપર્ક કરો

Ramy Publication

રમ્ય પબ્લિકેશન ૩૨૦ – હીરા પન્ના કોમ્પલેક્ષ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ મો. : ૯૦૯૯૯૪૯૫૬૫
web : www.vishwakarmavishwa.com | email : vishwakarmavishwa@yahoo.com



Designing | Printing | Advertising

સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને મેગેઝીનમાં કોમર્શિયલ, શુભેચ્છા, કલાસીફાઈડ કે અન્ય કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર, પેમ્પલેટ,આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads | Pravin Gajjar
+91-90999 49565

320, Heera Panna Complex Dr. Yagnik Road, Rajkot - 360 001 Ph. 0281-2461858
web : www.vishwakarmavishwa.com - e-mail : vishwakarmavishwa@yahoo.com

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2018-2020. Posted at Rajkot RMS on 10th of Every Month


કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક

વિશ્વકર્મા વિશ્વ

હવે ઘર બેઠા લવાજમ ભરો
ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો

૯૪૨૬૨ ૨૯૫૬૫ પર Whats App કરો
નામ, એડ્રેસ, મોબાઈલ નંબર લખી જાણ કરો
વિશ્વકર્મા વિશ્વ મળતું થઇ જશે.
અથવા
ઓનલાઇન વાંચવા તેમજ લવાજમ ભરવા મુલાકાત લો.
www.vishwakarmavishwa.com


વિશ્વકર્મા વિશ્વ

અથવા ડાઉનલોડ કરો મોબાઈલ એપ...

Available on : Google play App Store

રમ્ય પબ્લીકેશનના
નવા પ્રોજેકટ માટે પ્રત્યેક
તાલુકા અને જિલ્લા મથકોમાં
કામ કરી શકે તેવા
પ્રતિનિધિઓ / એજન્ટ
જોઇએ છે...
સંપર્ક : પ્રવીણ ગજજર
મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫

વિશ્વકર્મા વિશ્વ + E-Magazine + readwhere + magzter + facebook
૨,૦૦,૦૦૦+ વાંચકો



Ramy Publication
૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧. ફોન : ૦૨૮૧-૨૪૬૧૮૫૮
Web : www.vishwakarmavishwa.com,
E-mail : vishwakarmavishwa@yahoo.com